૪૭૫૯ ૧૪/૧૧ |૦|

સાહેબો અને બાઈયો,

આ સાથે ક્ષત્રિ ન્યાતનું અવસ્થાંતર તથા હવેના વખતને અનુસરતા ન્યાતી એકડાઓનો મુસદો મોકલી વિનંતી કરવાની કે આ બાબત આખી ન્યાત સમસ્ત તેમજ ન્યાતીલા દરેક કુટુંબના લાભની હોવાથી, આ કાગળો પુરેપુરા વાંચવાની તસ્દી લેશો. આવા એકડા કરવાની આવશ્યકતા તેમજ તેનો હેતુ પ્રથમજ જે અવસ્થાંતર આપવામાં આવ્યું છે અને દરેક કલમ નીચે ટીકા આપી છે તેથી સમજાશે.

હાલ ન્યાતનો વહીવટ ચલાવવાનું કે વખત અને સ્થિતિને અનુસરતા એકડાઓમાં ફારફેર કરવાનું કંઈપણ બંધારણ નથી તે બંધારણ મુકરર કરવું, લગ્ન વીગેરે પ્રસ્તુતનો ખરચ બાબીજી બાબીજી થતો અટકાવવા તથા જરૂર જેટલો ખરચ મુકરર કરવા, મર્હુમ સંબંધીના દુઃખરૂપી અને નાશકારક રવઇયાઓ કાઢી નાંખવા, તથા ન્યાતના સામાન્ય બાબાર્થે ખીચ ખીચ ફંડ કરવાનો આ નવા એકડાઓમાં હેતુ રહેલો છે.

આ નવા એકડાઓમાં પુરૂષ તેમજ સ્ત્રીયોને તાલુક રાખતી બાબતો હોવાથી આ પત્ર સાહેબો અને બાઈયોને લખવામાં આવે છે અને તેમને ફરીથી વીનંતિ કરવામાં આવે છે કે આ વીષય ઉપેક્ષ વાંચી બાજુ ઉપર નહી મુકતાં, દરેક કલમ ધ્યાન રાખી, તે નીચે કરેલી ટીકાનું મનન કરવાની કૃપા કરશો.

મુસદા એકડા જે તેવીજ હાલતમાં પંચ મંજુર કરશે એમ તો કહી શકાયજ નહી તેમ આ મુસદો ઘડનાર સબકમીટી સર્વજ્ઞ નહી હોવાથી, તેમનો મુસદો ખામી રહીત છે એમ પણ કહી શકાય નહી. કેટલાક ગુંચવણો જે તેમના અનુભવમાં નહી આવેલી હોય તે વધારે અનુભવીઓને જણાશે અને કેટલાક બાબતો કદાચ તેમના જાણવામાં નહી હોય રહી પણ ગઈ હશે; માટે આ મુસદાની હાક મારજીન રાખી છે તે ઉપર દરેક સદગ્રહસ્થ પોતાને યોગ્ય લાગે તેવી ટીકા કરશે.

આ મુસદા એકડાઓની માત્ર ૧૦૦ પ્રતો સબ કમીટીએ ખાનગી અને ફુપ્યા ઉઘરાણાથી છપાવી તેમાંની થોડી થોડી પ્રતો ન્યાતના દરેક સ્થળે પ્રસિદ્ધ થવા અમુક ગ્રહસ્થો અને બાઈઓનેજ મોકલી છે અને તેઓ તેને પોતાના સ્નેહીઓ તથા સંબંધીઓમાં પ્રસિદ્ધિ આપવાની કૃપા કરશે.

અનુભવી સાહેબો અને બાઈઓના કીમતી મત વધારે ઉપયોગી હોવાથી દરેક સદગ્રહસ્થ અને બાઈ પોતાના આ એકડા સંબંધી જે જે સુધારા, વધારા, ઘટાડાના વિચારો હશે તે નીચેના શરનામાથી મોકલશે તો મોટો ઉપકાર થશે.

રાજેશ્રી સેક્રટરી,

ક્ષત્રિ કલબ,

સાબરમતી સ્ટેશન.

આવી ટીકાઓ સર્વેએ તા. ૧ લી અગષ્ટ સને ૧૮૯૧ પહેલાં ઉપરના શરનામાથી મોકલવાની મહેરબાની કરવી કે તે સંબંધી વિચાર કરવાનો વખત મળે. વળી વધારે વિનંતી એ કરવાની કે આ એકડાઓ આખા ગુજરાતમાં એકસરખા કરવાનો હેતુ હોવાથી અમદાવાદ, ભરૂચ, સુરત, આમોદ, જુનાગઢ, વડોદરા વગેરે પંચનાં સ્થળોમાં ત્યાંની પંચ એકઠી થઈ એ સંબંધી કલમવાર પોતાના ઠરાવ કરી જ્યારે ગુજરાત ક્ષત્રિ પંચ એક સ્થળે એકઠું કરવામાં આવે તે વખતે તે સ્થળની પંચના તરફથી પ્રતીનીધી તરીકે પંચની પસંદગીના જરૂર લાગે એટલા સંભાવીત ગ્રહસ્થની નીમનોક કરી ઠરાવની નકલ તથા પ્રતીનીધીઓનાં નામ સેક્રટરીને લખી જણાવવાં.

ઉપર પ્રમાણે દરેક પંચ તરફથી જવાબ આવેથી અગષ્ટ અથવા સપ્ટેમ્બર મહીનામાં ડાકોર મુકામે પ્રતીનીધીઓની જનરલ કમીટી એકડાઓ મંજુર કરવા ભરવાની તારીખ મુકરર કરી ખબર આપવામાં આવશે. પ્રતીનીધીઓએ ડાકોર પોતાને ખરચે આવવું પડશે પણ ડાકોરનો ખરચ સબ કમીટી કરશે.

આ કામ સંબંધીનો પત્ર વહેવાર સેક્રટરી ચલાવશે.

બ્રહ્મક્ષત્રિની ન્યાતનું અવસ્થાંતર.

એક બ્રહ્મક્ષત્રિ તરીકે આજ ઘણાં વર્ષોથી એ ન્યાતની સંસારી હાલત આતુર અંતઃકરણ, બારીક નજર અને શાંતપણે જોઇ, તે હાલત સંબંધી મ્હારા સુજ્ઞ બંધુઓ તરફથી વખતે વખત અને પ્રથક પ્રથક જે વિચારો જણાવવામાં આવેલા તે ઉપર વિચાર કરી છેવટ હું એજ નિશ્ચયપર આવ્યો છું કે ન્યાત સમસ્તના ભૂત, વર્તમાન અને ભવિષ્યકાળ સંબંધીના મ્હારા વિચાર, સ્વબંધુઓ આગળ તેમની સુનસફી ઉપર મુકવા અને જો તેમને મ્હારા વિચારો યથાર્થ લાગે તો તે ગ્રહણ કરવા કિંવા તેમાં ફેરફાર કરવા જેવું લાગે તો તેવા સુધારા સાથે અંગિકાર કરવા હું વિનંતિ કરૂં છું. પ્રથમથીજ હું જણાવવા માગું છું કે આ વિષય તેઓના વિચાર માટે મુકવામાં કીર્તિ, મહત્તા કે પ્રસિદ્ધિ મેળવવાનો મ્હારો સ્વાર્થી હેતુ રહેલો નથી, અને એવી કંઇપણ આકાંક્ષા નથી તેનું પ્રમાણ એજ છે કે આ વિષય કોના તરફથી જન્મ પામ્યો છે તે છુપુ રહે માટે લખનારનું નામ આપ્યું નથી. તેમજ તેના નામની કલ્પના થઇ શકે એવાં કંઇપણ સાધન રાખ્યાં નથી. આ વિચાર ભાષણ, વિજ્ઞપ્તિ કે જે સ્વરૂપમાં દરેક વાંચનાર લે, તેમની ખાત્રી કરવા માટે હું પ્રયત્ન કરૂં છું કે, જો મ્હારા ન્યાતી ભાઇઓ અને બ્હેનોના અનુમતમાં વાસ્તવિક લાગેથી તેઓ સ્વિકારશે તો તેથી આખી ન્યાતની ઉન્નતિ થવાથી દરેક ન્યાતીલાને ફાયદો થશે.

૨. આર્ય એટલે હિંદુ ધર્મશાસ્ત્રનું બંધારણ બીજા સઘળા ધર્મથી વિચિત્ર છે અને સંસારીક સઘળી બાબત, કૃત્ય અને કર્મને ધર્મનું બળ આપી આજતી રૂઢીને એવી મજબુત કરી છે કે કોઇપણ બાબતમાં ફેરફાર કરવાનો વિચાર દર્શાવતાં તેમાં ધર્મનો બાધ લાગે છે એવી દલીલ ગોઠવી દેવામાં આવે છે. આપણી ન્યાતમાં જે રૂઢી ચાલે છે તે સઘળીજ શાસ્ત્રોક્ત છે. કિંવા તે દરેકને શાસ્ત્ર એટલે ધર્મ સાથે લાગતુંવળગતું છે કે કેમ અને તેમાં ફારફેર કરવા જતાં શાસ્ત્રનું ઉલ્લંઘન થાય છે કે નહિ તે, દરેક જગે તે વિષયના સંબંધે જણાવીશ. પણ હાલ તો એટલું કહેવું બસ છે કે ધર્મશાસ્ત્રનો સંબંધ ઘણી થોડી બાબતો સાથે છે અને ઘણાં ખરાં તો માત્ર વખતે વખત, સમયને અનુસરતા લૌકીક વિચારે કરી પેઠેલાં છે અને તે તદન વર્જ કરવાં અથવા તેમાં ફેરફાર કરવો એ આપણા પોતાનાજ હાથમાં છે. હાલની રૂઢીની પેટા બાબતો પૈકી ઘણીજ જુજ ધર્મશાસ્ત્રને તાલુક રાખતી છે પણ તેમાંની કેટએક પૈસાને તો તાલુક રાખતી છેજ, અને તે ચાલુ રહેવાથી જે નાણું બીજા સારા ઉપયોગમાં કામ લગાડી

ભક્ષ્ય તે નાણું વ્યર્થ એક રીતે ફેંકી દેવામાં આવે છે. આલીકના ઘરમાંથી અને છોકરાંઓના મોંમાંથી એ રકમ જાય છે અને એ નુકશાનથી કોઈપણ ન્યાતીલાને નુકશાનના પ્રમાણમાં લાભ થતો નથી. કેટલીક રૂઢીઓ ધર્મશાસ્ત્રથી તદન વિરૂદ્ધ છે, ન્યાત ઉંચ અને કેળવાયલી છતાં તે રૂઢીઓ તેને જંગલી અને મુર્ખના વર્ગમાં નાંખે છે; અને તે ચાલુ રહેવાથી ટુંકી પુંજીવાળાઓને દેવાદાર બનાવે છે અને તેના સગા વહાલાઓને વગર અર્થની મુંઝવણ, કાયરપણું, અને દુઃખ તથા કલેશ ઉત્પન્ન કરે છે.

૩. માહારા સઘળા ન્યાતીભાઈઓ જાણેછે કે આ જમાનો સઘળી તરફથી સુધારાનો છે. સ્થળે સ્થળે જુદી જુદી બાબતોને માટે સભાઓ અને મંડળીઓ પોતપોતાનું કામ ધમધોકાર કર્યા જાયછે. આમથી પુના સાર્વજનીક સભા તથા કોંગ્રેસ રાજપ્રકરણી બાબતોના સવાલો ઉઠેલે છે. તો પેલી તરફથી આર્યધર્મ સમાજ બ્રહ્મો અને પ્રાર્થના સમાજો ધર્મનું તત્વ શોધવા મંથન કરેછે. એક તરફથી સ્ત્રિકેળવણીના વિષય ઉપર સંભાવિક મંડળ મચ્યુંછે અને તેને માટે પ્રખ્યાત હાઈસ્કુલ વગેરે પુનામાં ચાલુ થઈ ગઈ છે તો બીજી બાજુએ મીતાહાર (Temperance Society) મંડળી મદીરા દેવીના મંદીરનો પાયો હલાવેછે. બાળલગ્ન નિષેધક મંડળી કજોડાં અને બાળલગ્નના સામે ઝુમી પાડેછે ત્યારે વિધવા પુનરલગ્ન સભા રાંડેલીઓને માંડેલીઓ કરવા મંડીછે ત્યારે ક્ષત્રિયો અર્ધ નકલ કરેછે, અને તે કરવામાં કેળાનો ભર્જ કેમ કર્યો ઓછો ઓછાવે છે. નાગર, કાયસ્થ અને દક્ષણીઓ અસલની ઉન્નતિ કરતાં પણ વધારેને, પોતાની એકયતા અને દાતાને લીધે પોહોચ્યા છે અને પારસીઓ જેઓની સ્થિતિ પચીસ વર્ષપર સામાન્ય હતી તેઓ ઉદ્યમ, કેળવણી, સાહાસ, ઉદારતા અને સંપે કરી લક્ષાધિપતી, પ્રતિષ્ઠિત અને રાજ્યભક્ત પ્રજામાં ખપીછે. નીદાન હજામસરખી વસવાયા જાતને પણ ચાલતા સૈકાના પવનનો એક સપાટો લાગ્યોછે અને તેમણે પણ વિદ્વાનોની પેઠે સભા મળવી ભોડીઓને નહિ મુંડવા ઠરાવ કર્યોછે. ભેડાવાળ લોકોની સને ૧૮૮૬ ની વડતાળની ગંજાવર સભા, અને કાયસ્થ તથા નાગર સોશીઅલ રીફોર્મ કોનફરન્સો દરેક ન્યાત ઉપર ચાલતી સદીનાં કીરણો કેટલાં પડ્યાંછે તે સ્પષ્ટ બતાવી આપેછે. આ રીતે ચારે ગમથી વખતને અનુસરી ઘટીત યોજનાઓ થતી જાયછે અને દરેક ન્યાત પોતાના ઐશ્વર્ય માં વધારો કરવા, વખતને અનુસરતા સુધારા કરવા મથી છે; પણ બ્રહ્મક્ષત્રિયો તો આ બાબતમાં ખરેખર "સીરંજીવ" રહ્યાછે. તેઓ આગળ વધતાજ નથી અને તેમની રીતભાત અને ધારાઓમાં કશો ફેરફાર નહિ થતા એની એજ હાલતમાં લેવામાં આવેછે.

૪. આપણી ન્યાતમાં કઇ કઇ બાબતોમાં સુધારો કરવાની જરૂર છે તે નીચે પ્રમાણે:—

૧. જન્મપ્રસ્તુત.
૨. ચૌલકર્મ (મુંડણ).
૩. યજ્ઞોપવિત (જનોઇ).
૪. લગ્નપ્રકરણ.
૫. શ્રીમંત (અઘરણી) પ્રસ્તુત.
૬. મૃત્યુ પ્રસંગ.
૭. કેળવણી.
૮. ન્યાતી અથવા કૌટુંબીક ભોજન.
૯. ન્યાતીભંડોળ. મિલકત અને વ્યવસ્થા.
૧૦. પરચુરણ બાબતો.

૫. પ્રથમ સવાલ એ છે કે ઉપરની બાબતોમાં સુધારો કરવાનું તાત્કાળિક કારણ શું છે. આનો જવાબ આપવા થોડુંક લંબાણથી કહેવું જરૂરનું છે અને તેમાં ભૂત, વર્તમાન અને ભવિષ્યની લક્ષ્મી સંબંધી ન્યાત સમસ્તની સ્થિતિ લક્ષમાં લેવી જોઇએ. મહારા જન્મ અથવા મહારી સમજશક્તિ પહેલાં આપણી ન્યાતની સ્થિતિ કેવી હતી તેનું બયાન કરવાનું હું માથે લેતો નથી. કેમકે તે વખતની માહારી જાતીમાહીતી નથી, પણ આ પાછલાં પચાસ વર્ષમાં જ્ઞાતિની સ્થિતિ ઘણી સારી સુધરી ગઇ છે અને આજથી પંદરથી દશ વર્ષ ઉપર તો એ ન્યાતના એટલા બધા તારાઓ પ્રકાશી રહ્યા હતા કે, "રાજેશ્રી" પદ આપણી ન્યાતને યોગ્યજ હતું. તે વખત તે ભાગ્યશાળી રાજેશ્રીઓએ કંઇક બાબતોમાં ખર્ચ વધારી દીધા તો તે ઉઠાવી લેવાની તેમનામાં શક્તિ હતી પણ વર્તમાનકાળ લક્ષમાં લેતાં ભવિષ્યમાં વધી ગએલા ખર્ચો આપણને કરજમાંથી મુક્ત રાખશે એમ કહેવાતું નથી. અમુક ગૃહસ્થે ચાર ઘોડા અને દશ શીપાઇઓ રાખ્યા કે બીજાએ એક હાથી રાખ્યો કે ત્રીજાએ એક પાલખી રાખી એ ખર્ચ સંબંધી મારે બીલકુલ બોલવું નથી. એ ખર્ચ, ખર્ચ રાખનારના અંગનો છે અને તેમાં વધારો ઘટાડો કરવાનું દરેક માણસના પોતાના વિચાર અને શક્તિ ઉપર છે પણ મારૂં કહેવું ન્યાતના કર સંબંધી જેટલો અર્થ વગરનો ખર્ચ થાયછે તેને માટે છે. ઉપર કહેલા જાહોજલાલીના વખતમાં અને હાલમાં આપણી ન્યાતના માન પામેલા કેટલાક ગૃહસ્થો ઉંચે પદે હતા તે નીચેની તપસીલથી સમજાશે.

હોદ્દો.	આગલી સંખ્યા.	હાલની સંખ્યા.
ડેપ્યુટી કલેક્ટર અને દફતરદાર.........	૭	૪
મામલતદાર તથા મહાલકરી.........	૯	૫
સબોર્ડિનેટ જડજ	૧	૧
દીવાન...........................	૧	૦
ચીટનીસ	૪	૨

પોલીસ ઇન્સ્પેક્ટર તથા ફોજદાર	૪	૨
વકીલ	૩૫	૨૨
ડૉક્ટરો તથા કેળવણીખાતાના અમલદારો.	૩	૩
દેશી રાજ્યોમાં જડજ, નાયબ સુબા વગેરે મોહોટી પદવીપર	૭	૫
	૭૦	૪૩

ઉપરના આંકડાઓથી સ્પષ્ટ સમજાશે કે પાછલા વખત કરતાં હાલજ સ્થિતિ ઉતરતી છે અને ભવિષ્યમાં શું થશે તેની કલ્પના કરવાનું ન્યાતનાજ અગ્રેસરોને સોંપવું દુરસ્ત લાગે છે. આગળના કરતાં હાલના વખતમાં એટલો બધો ફેરફાર થયો છે કે સરકારી નોકરીની બાબતમાં સરખીપાયરી રહી નથી, અમુક વર્ગની નોકરી મેળવવા અમુક ધોરણની પરીક્ષામાં પાસ થવું જોઇએ; અને જે પરીક્ષાઓ પાસ નથી થએલા તેમનો ઉદય ઝટ ઘણો એકદમ અને વગ છતાં થઇ શકતો નથી. આ પ્રમાણેની હકીકત સરકારી નોકરીની બાબતમાં છે. એટલુંજ નહિ પણ વકીલની સનદ મેળવવાને સારૂં પણ સખત પરીક્ષા આપવી પડે છે. છેલ્લા દશ વર્ષમાં એક પણ માણસ નવો વકીલ થયો નથી અને હાલ જે સંખ્યા છે તે જુનાઓની જ છે. ડેપ્યુટી કલેક્ટરના વર્ગમાંથી રાવ બહાદુરો ઉમેદરામ આણંદરામ, આણંદશંકર ફૂલા-ધરાય, મગનલાલ મથુરાદાસ અને બાલુભાઇ ચંદલાલ પેન્સન લઇ બેઠા, ત્યારે માત્ર એકજ ગૃહસ્થ રાવ બહાદુર મોતીલાલ ચુનીલાલ વધ્યા. આપરથી હાલજ કેટલી જગ્યા ઓછી થઇ છે અને થોડા વખતમાં બીજા બે ગૃહસ્થો પેન્સન લેશે. આ પ્રમાણે સઘળાજ હોદ્દાઓના સંબંધમાં બનેલું છે. આથી ન્યાતનું રાજ પ્રકરણી બળ ઓછું થયું છે; ન્યાતમાં વિખવાદ વધી છે; અને આ બંને બનાવોને લીધે ન્યાતની પ્રતિષ્ઠા ઘણી ઉતરી છે; ન્યાતના સદ્‌ગૃહસ્થોએ આખી ન્યાત એકજ કુટુંબ સમજી, પોતાનો ઉત્કર્ષ કરવો જોઇએ અને ઉપર બતાવેલા આંકડા વિચક્ષણ અંતઃકરણથી નિહાળતાં સઘળા ગોર ન્યાતની ધસી પડતી રોકવા અટકાવ કરવો જોઇએ. પાછલાં દશ વર્ષોમાં જે ફેરફાર થયો છે તે ન્યાતની વસ્તીના પ્રમાણમાં ઘણો ભારે છે અને સઘળા ચેતવાનો નહિ આવે તો બીજાં દશ વર્ષમાં એટલો નંબરો ઉતરતો જણાશે કે રાજ્યવંશી અને કુલીન ન્યાત છેકજ ઉતરતી પંક્તિમાં જઇ મળશે. અને આ દશાએ પહોંચવાની આપણી દુનિયા હાલના જુવાન વર્ગને એ બાબતની નાઉમેદી લગાડશે અને તે ખોટી છે એમ કહેવાશે પણ નહિ. "બાપે સાચી કીર્તિ અને દ્રવ્ય પેદા કર્યું; તેમાંએ ઉંચ વા કુળનું પણ કપુત છોકરાએ ખાધું" એ કહેતો જેમ આપણે બીજાને માટે કહીએ તેમ બીજાઓ આપણે માટે, તેવું ન બને, કહે તેમાં કહેનારનો શો

ભાઈઓ! આપણેજ આપણો સ્વાર્થ સમજવો જોઈએ અને આવતી આફત અટકાવવાનો ઈલાજ આપણાજ હાથમાં છે તે કરવા સઘળા ક્ષત્રિઓએ એકત્ર થવું. હાલમાં સુરત, ભરૂચ અને આમોદ કરતાં અમદાવાદની ક્ષત્રિ ન્યાત, કેળવણી, ઉદ્યમ અને એકયતાને માટે ચઢતી છે અને ચાર મુખ્ય સ્થળોમાં એક પણ સારી પધ્ધતી ઉપર છે એ સંતોષકારક છે પણ સુરત, ભરૂચ અને આમોદ અમદાવાદની હમોહમી કેમ ના કરી શકે તે સમજાતું નથી. અમદાવાદી જુવાન મંડળ પોતાનો અને ન્યાતનો સ્વાર્થ સમજે છે અને તથીજ તેઓ આગળ વધ્યા છે. હાલમાં જુદી જુદી કોલેજોમાં ડીગ્રીને માટે જે ક્ષત્રિઓ અભ્યાસ કરે છે તે ઘણાખરા અમદાવાદનાજ છે અને જો બીજાં દશ વર્ષમાં ક્ષત્રિ ગૃહસ્થો સરકારી નોકરીમાં ઉંચ પદે આવશે તો તે અમદાવાદનાજ. આમોદ, સુરત અને ભરૂચ મેટ્રીક્યુલેશનથી અટકે છે. કોલેજમાં જવાની શક્તિ કે સગવડતા ના હોય તો વકીલની પરીક્ષા માટેજ, છેલ્લાં પાંચ વર્ષમાં મેટ્રીક્યુલેશનમાં પાસ થએલા ગૃહસ્થો, તૈયાર થઈ પાસ થાય તો હજી ન્યાતની દ્રવ્ય સંબંધી હાલત તેવીજ કાયમ રહે. ભરૂચ જીલ્લામાં વકીલની સંખ્યા ઘટી છે અને જે રહેલા છે તેમાં અંગ્રેજી જાણનાર થોડા હોવાથી એ ધંધામાં જોઈએ તેથી ઘણી ઓછી સરસાસરસી હોવાને લીધે તેઓ એ ધંધા માટે મહેનત કરશે તેઓને ઘણો લાભ છે. મહેનત વગર કશું બનતું નથી. ખેડુતને પણ ટાઢ, તાપ અને વર્ષાદ વેઠયા વગર અનાજ મળતું નથી. સિપાઈને પણ સાત રૂપીયાનો પગાર મેળવવા લડાઈમાં પ્રાણ ખોવાનું જોખમ માથે રાખવું પડેછે. ઉપોદ્ઘાતમાં આ વિષયપર આટલું બોલવું બસ છે કેમકે કેળવણીના પ્રકરણમાં આ બાબત લંબાણથી વિવેચન કરવામાં આવશે. ન્યાતની ઉન્નતિને માટે જેમ કેળવણીની જરૂર છે તેમજ સંસારી કુધારાનો નાશ કરવાની જરૂર છે. આ-

જ્યાં પચાસ વર્ષ ઉપર પારસી કોમની હાલત નબળી

હતી તે એકદમ ટુંક મુદતમાં તેઓએ પોતાના ઉદ્યમ, સાહસ, સંપ અને નીરાબીમાને એટલીબધી સુધારી છે કે ઠેકાણે ઠેકાણે અને દરેક ખાતામાં પારસી જોવામાં આવેછે. તેઓએ ઓગણીસમી સદીને અનુસરી પોતના સંસારી રવાયાઓ સુધારવા, અને કાળને અનુસરી સ્ત્રિ પુરૂષને કેળવણી આપવાની અવશ્યકતા જોઈ લીધી અને તેજ તેમની ઉન્નતીનાં કારણો છે. ખરી વાત છે કે તેઓએ એકદમ પોતાની સંસારી સ્થિતિમાં યુરોપીયન રવાજો દાખલ કરી કેટલીક બાબતમાં નાણાંની ગુંચવણમાં આવી પડ્યાછે અને તેમની લગ્ન સંબંધી રૂઢી ખરાબ છે જેથીકરી કુંવારીકાઓનો જલદી ઉકેલ થતો નથી. આથી આપણા આગળ એક અનુભવ થયો છે અને કઈ રીત આપણે સ્વિકારવી અને કઈ અનાદર કરવી તે સ્પષ્ટ રીતે આપણા જાણવામાં આવ્યું છે.

ક્ષત્રિયો શરૂથી રાજ્યકરતા વર્ગ છે અને પાછળા ઈતિહાસો નિરવિવાદ સાબીત કરી આપેછે કે સરકારી નોકરી અને કારભારને માટે તેમનામાં પ્રમુખે સ્વાભાવિક ખાસ બુદ્ધિ મુકી છે. કોઈ માણસ ગમે તેવો ખુબસુરત હોય પણ તેને યોગ્ય આભુષણ ના મળે તો તેની ખુબસુરતી પરતી ખીલી નીકળતી નથી. તેમજ સ્વાભાવિક બુદ્ધિને પણ કેળવણીરૂપી આભુષણની જરૂર છે ગમે તેવી સારી જમીન હશે પણ વિનાખાતર સારો પાક ઉતરવાનો નથી. તેમજ શ્રેષ્ટ બુદ્ધિ વિદ્યારૂપી ખાતર વગર સારો પાક આપનાર નથી. વિદ્યાની મદતને માટે સારી રૂઢીની ખરી જરૂર છે. નઠારી રૂઢીને લીધે જે વખત વિદ્યા મેળવવા તરફ રોકવામાં આવે તે નઠારી રૂઢીઓનો અમલ કરવામાં રોકાય છે જે પૈસા વિદ્યા સંપાદન કરવા પાછળ ખરચવાથી લાભકારી થાયછે તે ખરાબ રૂઢીને લીધે નકામા ગુમાવવામાં આવેછે. લગ્નની ધામધુમ પાછળ અને મોતની મોહોકાણ પાછળ થતા ખરચોએ કરજમુક્ત કુટુંબોને ભીખારી બનાવ્યાછે અને ચંચળ બાળકોને કેળવણી આપવાનાં સાધન જવાથી મુર્ખ રાખ્યા છે. ખરાબ અને જંગલી ગીતોએ એક પ્રતિષ્ઠિત જ્ઞાતને હલકી પાડીછે અને તે રૂઢીએ જુવાન અને ખુબસુરત સ્ત્રિઓને નબળી બનાવી તેમનાં આયુશ્ય ઘટાડ્યાં છે. આ રૂઢીઓને લિધે પ્રેમી દંપતીને એકઠાં બેસવાનો વખત મળતો નથી; અને નાનાં અને ધાવણાં છોકરાંઓ રડી રડીને રખડતાં અને નબળાં થયાંછે. પુરૂષનો વખત પોતાના કામમાંથી કહાડી છોકરાંઓને સંભાળવા રોકયો પડેછે અને તેમને અડધું આયા કે દાસીનું કામ કરવું પડેછે. બોત થયું કે સવાર સાંજ બૈરાંઓની દોડાદોડ થાયછે. ખાવાનું ઉતાવળમાં જેવુંતેવું થયું તેવું પેટમાં નાખી છોકરાંઓ ધોડીમાં મુકી સુવાડી ખાં હાકવા બૈરાંઓ દોડેછે. ત્યાં ભાગય બે ટેથી રડી પોતાના મધુર સ્વરને ~~ખુશ કરેછે. ફુવાથી તેમની છાતીમાં બળી ભાગેછે અને~~ વગર ઉપયોગની કુથલી કજીઆ અને કંકાસ તથા કુસંપના બી રોપાય છે. પાછલી રાતનાં ઉઠી બૈરાંઓ દોડે છે તે વખત પુરૂષને પોતાની ખરી અને મીઠી ઊંઘ ખરાબ કરી છોકરાંઓ રાખવાં પડેછે. બે ચાર છોકરાં હોય તેમાંથી એક બાટે ફરતું હોય, બીજું બાની ઉપર ચડ્યું હોય, ત્રિજું તરસ્યું થયું હોય અને ચોથું ભુખ્યું થયું હોય તે વખત બાબાજી કે રાવજીસાહેબનો દેટોઆરૂ જેવો જોઈએ, તે વખત બીચારાં અજ્ઞાન બાળકો ઉપર તેમનો મીજાજ જાયછે, અને ગમેલા મીજાજમાં છોકરાંઓને બૈરીને અને જ્ઞાતને સરસ્વતી ભણાવેછે. આવા બનાવ ઘણાકલાજ અનુભવમાં નહિ આવેલા હોય તેથી આમાં કશી અતિશયોક્તી નથી એ વાત તો સર્વમાન્ય કરશે. ભાવી આગળની માફ પૈસાનો પણ નકામો ભોગ છે. બધું અને હાનીકારક રૂઢીઓ પ્રમાણે વતરા જે ખરચ થાયેછે

તે ખરચ પ્રસંગ આવેથી કરવા બની આવે તેને માટે નુકસાનકારક કંજુસી કરવી પડેછે અને જાતીખડચણો પણ વેઠવી પડેછે. બૈરાંઓ દુધ અને ચાહ વગર રહે છે, શાક મોંઘું થાય તો તે વગર ચલાવી લેવું પડેછે; હજામતનો ખર્ચ ઘટાડવા બે દિવસનું દાઢાંડું વધવા દેવું પડેછે ઘીતીની રકમ વધે નહિ તેટલા સારૂ ધાંચી જેવાં પણ કપડાં પહેરવાં પડેછે; આવી મુશીબત વેઠી એકઠો કરેલો પૈસો બીચારાં છોકરાંઓના ઉપયોગમાં આવતો નથી. પણ તેલ, પાણી અને પકોડામાં ધુળ થાયછે. આ ખરાબ રીતથી કેટલાં કુટુંબો કરજદાર થઇ ગયાં છે, તે ઘણાઓ જાણે છે માટે તેમનાં નામ આપવાની જરૂર નથી. આપણી ન્યાતની શ્રેષ્ઠતા પાછી પ્રતિપાદન કરવા સારૂ હાલના વખતને અનુસરી નીચે મુજબ ધારાઓ કરવા જોઇએ. આપણો ઇતિહાસ કહી આપે છે કે આપણો પોશાક અને રીતભાત શરૂથી આપણા રાજાને અનુસરતી ચાલતી આવીછે અને તેથીકરી હાલના સમયને અનુસરી આપણા ધારાઓ બાંધવા જોઇએ અને તેમ કરવામાં આર્યધર્મનું ઉલંઘન ન થાય એ સાચવવું.

—o✱o—

૧. પ્રકરણ પહેલું—જન્મ પ્રસ્તુત.

૧. પ્રથમ પુત્ર જન્મની ખુશાલીમાં ન્યાતી ભોજન આપવું એ જેને ત્યાં પુત્ર પ્રસવ થયો હોય તેની પોતાની ખુશી ઉપર છે, પણ આ પ્રસ્તુત સંબંધી કોઇના પણ ઉપર ન્યાત કે કુટુંબ જમાડવાની બીલકુલ ફરજ નથી. જો કોઇ ગ્રહસ્થ ખુસીથી ન્યાત જમાડવા માગે તો તેમ કરતા પહેલાં તે જો રૂ ૫) અંકે પાંચ "ન્યાત સુધારા" ફંડ ખાતે જમા કરાવી પછી નોહોતરાં ફેરવવાં.

૨. બારણ વખતે ન્યાત કે કુટુંબ જમાડવાની જરૂર કે ફરજ નથી તેમ પ્રતિબંધ પણ નથી; પણ એવું ઠરાવવામાં આવે છે કે કોઇ ગ્રહસ્થ ખુશીથી ન્યાત જમાડે તો તેણે "ન્યાત સુધારા" ફંડ ખાતે પ્રથમ રૂ ૨) અંકે બે જમા કરાવી પછી નોહોતરાં ફેરવવાં.

ટીકા.

હાલ પણ પુત્ર જન્મ અને બારણની ન્યાતો અને કુટુંબની જમણવારો દરેક માણસની ખુશી ઉપર છે તેથી એ બાબતમાં હાલની ચાલતી રીતમાં કંઇ ફેરફાર કર્યો નથી. માત્ર વધારો એટલો કરવામાં આવ્યો છે કે આવા પ્રસંગની ન્યાત કરવી હોય તો રૂ ૫) અંકે પાંચની રકમ "ન્યાત સુધારા" ફંડ ખાતે આપવી. આ બાબાની રકમ પ્રથમ દર્શનીક બારે જણાવશે પણ "ન્યાત સુધારા" ફંડની બાબત હેઠળ લેવા ફંડની જરૂર બતાવી છે તે પ્રકરણ જોવાથી ધ્યાનમાં આવશે કે એવું ફંડ હાથ લાગ્યા દાખલ કર્યા શીવાય થઇ સકશે નહી. વળી આ રકમનો બોજો ધનવાન ઉપર પડશે. હાલજ ગરીબો કાંઇ આવતી ન્યાતો કરતા નથી. માત્ર શ્રીમંતો કરે છે; તો તેવા વર્ગને

ન્યાત કરવાનો મૈંડો રૂપીયા બનશે તો આ વાંધ રૂપીયા વિશેષ નથી. આ લાગો ભીંડ તોનેજ લાગે; પુરવાનો અને તેમાંથી પોતાની ખુશાલીનો ભાગ ન્યાતને આપવોજ નહીં. ભાઈ રહી ભીંડોથી તથા ન્યાતને લાભ થવાનો નથી માટેજ હાવા લાગાઓ રાખવા કરવા જરૂરના છે.

---

૨. પ્રકરણ બીજું. બાળકર્મ (મુંડણ)

પ્રસ્તુત.

૩. પ્રથમના છોકરાના મુંડણ વખતે ન્યાત કિંવા કુટુંબ જમાડવાની ફરજ નથી. જેની ખુશી હોય તે એક ન્યાત અથવા એક કુટુંબ જમાડે અને જેની દેશીએ પડમુંડણ થતું હોય તે એક ન્યાત અને કુટુંબ જમાડી શકશે. જે ગ્રહસ્થને એક કરતાં વધારે ન્યાત કરવી હોય તેણે નોતરાં ફેરવતાં પહેલાં છોકરાની ન્યાત બાબદ રૂ.૨) ને છોકરી બાબદ રૂ.૧) તથા બાળકના દરેક છોકરા બાબદ રૂ.૧) મુજબ આપવા અને તે "ન્યાત સુધારા" ફંડ ખાતે જમા કરાવવા પડશે.

૪. બીજા છોકરાઓ અથવા છોકરીના મુંડણમાં ન્યાત જમાડવી નહી. જો કોઈ ગ્રહસ્થની ખુશી હોય તો તેણે એક દીવસ કુટુંબ જમાડવું. આ કાનુન તોડનાર રૂ ૨૫) અંકે પચીસના દંડને પાત્ર થશે.

ટીકા.

ઉપરની બે કલમો પણ હાલની રૂઢીને અનુસરીને છે. કેટલાક કુટુંબના મુંડણ બાહાર ગામ થાય છે અને ન્યાત જમાડવાનો વહિવટ નથી—તેથી આ બાબત કશો વિશેષ ઠરાવ કરેલ નથી. રૂપીયા પચીસની ફી અને દંડ ઠરાવ્યા છે. જે "ન્યાત સુધારા" ફંડના લાભના અર્થે છે અને તેનો બોજો પહેલા પ્રકરણની ટીકામાં બતાવ્યા પ્રમાણે શ્રીમંતો ઉપર પડશે.

૫. વડી વાવડના અથવા પડમુંડણને દીવસે બૈરાંઓને, ઘોડી પાળણ જે પૈસા વહેંચવામાં આવે છે તે તથા બાળકે સઘળા પ્રસંગના પૈસા વહેંચવાના માફ કર્યા છે; અને જેવું માલુમ પડે કે આ કલમથી ઉલટા ચાલનાર રૂપીયા પાંચના દંડને પાત્ર થશે.

ટીકા.

સોમ વિગરે મુંબઈવાળાને લાવે ઘોડી પછાડી ન્યાતના બૈરાંઓ ઘણું ઓછાં હોય છે પણ પરન્યાતની સંખ્યા વધારે હોવાથી આ ખર્ચ ન્યાતને વિશેષ લાભકારક નથી. વળી આજના જમાનાના વિચાર મુજબ એક ત્રાંબાનો પૈસો આપનાર અને લેનાર બંનેને શરમ ઉપજાવે છે—આ વહેંચણ બંધ કરવા સારૂ એમ દલીલ આણવામાં આવે કે વહેંચણ બંધ થશે તો ઘોડી પછાડી કોઈ જશે નહી તો તે ભય પાયા વગરનો છે. જમાણી પણ લાભનું નથી અને પૈસાના સારૂ નજર કરે તેવી નથી એ નિર્વિવાદ છે. ઘોડી પછાડી જનાર સ્ત્રીઓ તરુણ હોય છે અને તેઓ ઘણું ખરૂં પડેશી થવાના ભાવની આતુર હોય છે અને તે પ્રમાણે પૈસા નહી વહેંચવામાં આવે તોપણ જશે.

૬. મુંડણની અંદર છાબની પ્રથાની વહેંચણ બંધ

કરી છે, તથાપી કોઇ ગ્રહસ્થને વહેંચણું કરવી હોય તો પ્રથમથી ન્યાતને રૂ ૨૫) અંકે પચીસનો નજરાણો કરી પછી વહેંચણું કરવી. હાલી નજરાણાની રકમ "ન્યાત સુધારા" ફંડ ખાતે જમા કરવી.

ટીકા.

મુંડણ એવું નાકાનું પ્રસ્તુત છે કે તેમાં વહેંચણું અપટીત લાગે છે. આ સુધારો કેટલાકને તણાઇ અસ્તું થઇશે. નજરાણો આપી શ્રીમંત વગર બીજો કોઇ વહેંચણું કરશે નહિ; અને શ્રીમંત આ પ્રમાણે કરશે તો તેથી ન્યાતને લાભ થશે.

૭. જે છોકરાનું મુંડણ હોય તેનો વિંહા થએલો હોય તો વહેવાઇ મુંડણની બાબત આપે છે. હાલી બાબત આપવાની બંધ કરી છે, આ ઠરાવથી વિરૂધ્ધ ચાલી કોઇ ગ્રહસ્થ બાબત આપશે અથવા લેશે તો આપનાર અને લેનાર બંને રૂ ૫૧) અંકે એકાવન દંડને પાત્ર થશે. આ રકમ "ન્યાત સુધારા" ફંડ ખાતે જમા કરવી.

ટીકા.

ક્ષત્રિની ન્યાતમાં માંડવે આવેલો વર પાછો જાય છે. ઘણા વિંહા બાંધી મુદત સુધી કાયમ રહી તુટે છે. હાલી હકીકતમાં આપેલી લીધેલી બાબત પાછી આપવા લેવાની તકરારો ઉતપન્ન થાય છે અને તેમાંથી હરેક પક્ષકારો વચ્ચે લડાઇ થઇ ક્લેશ વધે છે માટે ક્લેશનું મુળ કાહાડી નાખવાની જરૂર છે. સંપ એ દરેક માણસ, કુટુંબ, ન્યાત, ગામ અને દેશની આબાદીને માટે અવસ્યનો છે. સઘળા ના સ્વભાવ સરખા હોતા નથી અને પૈસા વાહાલામાં વેર કરાવનાર મુખ્ય છે. આ કારણોને લીધે બાબત આપવા લેવાનું માકુફ કરવાની જરૂર છે.

પ્રકરણ ત્રીજું–યજ્ઞોપવિત (જનોઇ)

પ્રસ્તુત.

૮. આ પ્રસ્તુતમાં વડીપાઘડ, મહયોતી, જનોઇ બાબત કે નાડવા પાછળ પૈસા વહેંચવા નહી તથા છોકરાનો વિંહા થયો હોય તો બાબત આપવી નહી. આ ઠરાવથી વિરૂધ્ધ ચાલનાર પહેલી બાબત માટે રૂપીઆ પાંચના અને બીજી બાબત માટે રૂ ૫૧) દંડને પાત્ર થશે.

૯. જેની ઇચ્છા હોય તેણે એક ન્યાત જમાડવી અને જ્યારે જમાડવી હોય તો કલમ ૧૪ મીના ઠરાવને અનુસરી ચાલવું.

૧૦. લાડવા, નાળીએર, કે સાકર થાળી કે કોઇ પણ વહેંચણું બંધ કરી છે એમ છતાં કોઇ ગ્રહસ્થની ખુશી વહેંચણું કરવાની હશે તો કલમ ૧૧ ને અનુસરીને કરવી.

૧૧. જનોઇ પ્રસ્તુતમાં ત્રણ ન્યાત જમાડનારે, સાકર થાળી અને નાળીએરની વહેંચણી કરવી અને નામ ક-

કાગળો તથા ટકોરખાના બેસાડવા તથા રૂ ૫૧) અંકે એ-
કાવન "ન્યાત સુધારા" ફંડમાં જમા કરાવવા,

૧ ન્યાત કરનારે નાળીએરની વહેંચણ કરવી, નામ
કરાવવું અને રૂ ૨૫) અંકે પચીસ "ન્યાત સુધારા"
ફંડમાં જમા કરાવવા.

૧૨. કલમ ૯-૧૦ અને ૧૧ ના ઠરાવથી વિરૂદ્ધ ચાલનાર
રૂ ૫૧) અંકે એકાવન દંડને પાત્ર થશે.

જનોઇ પ્રસંગે પ્રથમ છોકરાના જનોઇ બદલ રૂ ૫)
અને બીજા છોકરાઓ બદલ રૂ ૩) મુજબ ન્યાત સુધારા
ફંડ ખાતે આપવા.

ટીકા

આ પ્રસ્તુત સંબંધમાં હાલ જે વહિવટ ચાલે છે તેજ
કાયમ રાખ્યો છે. માત્ર ન્યાત "સુધારા" ફંડ ખાતે
અમુક રકમ આપવાની ઠરાવી છે, શ્રીમંતોજ વધારાનો
ખરચ હોંસથી કરે છે અને તેઓ પાંચસોથી એક હજાર
સુધીનો ખર્ચ કરવા ઉદાર મન કરશે તો રૂ ૨૫) અથવા
રૂ ૫૧) ન્યાતના ફાયદાને અર્થે આપી શકશે.

પ્રકરણ ચોથું વિવાહ અને લગ્ન પ્રસ્તુત.

૧૩. વિવાહની હા કહેવડાવવામાં આવે તે વખત વર-
વાળાએ રૂ ૧) અંકે એક, ગોળ અને અળશી મગજના
ગાંઠીયા શીવાય બીજું કશું આપવું નહી. આ ઠરાવથી
ઉલટા ચાલનાર રૂપીયા સવાના દંડને પાત્ર થશે.

ટીકા.

આ બાબતમાં કેટલેક પ્રસંગે કુલણજીપણું થએલું જાણ-
વામાં છે અને જેવા કુલણજીઓનો દાખલો આપી બી-
જાઓ પાસે વધામણીમાં વિશેષ રકમ કઢાવવા ગોર
તરફથી રકજક થએલી કાર વહેવારમાં સઘળાઓએ ચો-
કસ રહેવું જોઇએ અને જે રકમ ગોર વિગરેની લાગતી
છે તેમાં ફારફેર કરવાથી ગરીબ સ્થિતિવાળાઓને ભાર
પડે છે તેથી સને ૧૮૩૦ સંવત ૧૮૮૬ માં ક્ષત્રિયોએ
મીસ્તર ડેવી બારાટેલ સાહેબને ન્યાત સીરેસ્તાના જુવાબો
લખી આપેલ તેને અનુસરી ઉપરની કલમ પડી છે-દંડનો
ઠરાવ નવીન છે અને તે ઉપરના કારણોથી કરવાની જ-
રૂર પડી છે.

૧૪. મોડે બેસાડી સાકર ખવાડવાનો તથા તે બાબત
ની ન્યાત જમાડવાનો વહિવટ બીલકુલ માકુફ કર્યો છે.
તેમજ અમરી સાકર ખવડાવવાનો પણ વહિવટ માકુફ
કર્યો છે. આ ઠરાવથી વિરૂદ્ધ ચાલનાર રૂ ૫૧) અંકે એકાવન
દંડને પાત્ર થશે.

ટીકા.

સાકર ખવડાવવાનો મુળ હેતુ તો એ કે લગ્નના ઘણા
વર્ષ પહેલાં વિવાહ થયા હોય તેને પ્રસિદ્ધિ આપવી અને

જે લોકોને લ્હાવો લેવાની ઉત્કંઠા હોય તેમને આથી લ્હાવો મળે. આ બાબતમાં વિન્હા તુટી થઈ છે તેથી ખાસનો ક- રેલો ખર્ચ નકામો છે. વળી પ્રસંગે તો લગ્નની સાંજે અને ઓળાઝોળાને દીવસેજ વર ઘોડે બેસવા આવતા પહેલાં શાકર ખાઈ જાય છે. શાકર અને ઓળા વખત ની વીધી એકજ છે અને, બંનેમાંથી એકેક શાસ્ત્રોક્ત નથી તો એકજ સરખી બે વીધીઓ એકજ દીવસે કરવી એ ન- કામો ખર્ચ અને વખતનું રોકાણ છે—લગ્ન પહેલાં કેટ- લાક વર્ષ પહેલાં ઘોડે બેસાડી શાકર ખવાડવાથી વર કે કન્યાનો કાળ થાય અથવા બીજા કારણસર વિન્હા તુટે તો વખત આપેલી બાબત પાછી લેવા સંબંધી બે કુટુંબો અને તેમને લીધે તેમના સગાઓમાં ભારે તંટો ઉત્પન્ન થાય છે માટે એવા તંટાના બીને ઉખેડી નાખવું દુરસ્ત લાગે છે.

૧૫. કુંવારે માંડવે વર અને કન્યાને હરકો પક્ષ તરફથી સપરમે દહાડે જમવા તેડવામાં આવે તે વખત વરવાળાએ કન્યાને શેર ૧) એક શાકર બદામનો બેથો બા- લવો; એ સીવાય કાંઈપણ રોકડ નાણું કન્યાને કે વરને આપવું નહિ. આ ઠરાવથી વિરૂધ ચાલનાર રૂ.૧૧ અંકે સવાના દંડને પાત્ર થશે.

ટીકા.

ચઉદમી કલમની નીચેની ટીકા જોવાથી પણ આ કલમનો હેતુ સમજાશે.

૧૬. કુંવારે માંડવે જોડા, પરેણું કે મુગટો આપ- વાનું તદન બંધ કર્યુંછે. આથી ઉલટા ચાલી જે કોઈ આપશે અને લેશે તે આપનાર અને લેનાર બંને દરેક રૂ.૨૫) અંકે પચીસના દંડને પાત્ર થશે.

ઓળા ઝોળા કરવાનો હાલમાં પુરેકાને આગલે દિ- વસે વહિવટ છે, તે ફેરવી હવેથી મહુર્ત આવતું હોય તો લગ્નને આગલે દિવસે કરવાનો ઠરાવ કર્યોછે.

ટીકા.

નોકરીએ બહાર ગામ લોકો હોવાથી ત્રણ દિવસ અ ગાઉથી સગાઓને આવવાનું બની આવતું નથી. વળી ઘણું ભાગે એક ન્યાત વરને ત્યાં અને એક ન્યાત કન્યાને ત્યાં હોયછે. વરને ત્યાં ઓળાઝોળાને દિવસે ન્યાત થવાથી બહારગામવાળાઓને ન્યાત જમવાને વખત મળતો નથી અને તેથી પરોણાઓ ન્યાત જમ્યા વગર જવાથી વરવા- ળાને ફજેતી પેદા થાયછે, લગ્નને આગલે દિવસે ઓ- ળાઝોળા રાખવાથી સાંજ સુધીમાં પણ આવનારાઓ આવી લાગી ન્યાતભોજનનો લાભ લઈ શકશે.

૧૮. ફુલેકું અને મોસાળા તરફની ન્યાત બીલકુલ બંધ કરવાછે. પણ મોસાળાની ન્યાત કરવાની ખુશી હોય તો રૂ.૨૫) ફંડ ખાતે આપે.

ટીકા.

ફુલેકું હૈયનું ઘર છે. દરેક વાહાલેઆ જમવા થા-
ળી પાસે બેસવા માંગેછે. આથી સરઘસ આગળ ચાલતું નથી અને વાહાલેઆ આગળપાછળ આવવાની બાબતમાં તકરારમાં આવેછે. ફુલેકું સાંજથી અંધ રાત્રીએ નીકળે છે અને ઘણા વાહાલેઆઓ બહુ મોડી જાયછે. સરઘસની રચના, વાહાલેઆના અનુસાર, રોશનીનો બળકાર અને આતશબાજીનો તમાશો જોવા એટલા માટે રાત્રીએ ફિક્ર કરવું આમોમાં થઈ આગળ જોઉછે જે રીત તદન ધીક્કા-
રવાલાયક છે. આ બાબતનો અટકાવ ફુલેકું તદન બાંધ કર્યા સિવાય થઈ શકતો નથી.

૧૯. લગ્નને દિવસે વર પરણવા જતી વખત કલમ ૭ માં ઠરાવ્યા પ્રમાણે વરઘોડો કહાડવાની છુટ છે પણ કોઈથી લગ્ન સમયાય એવો વખત ના હોય તો દસ અને અગીઆરની દરમીઆનીવાળા તે કલમમાં ઠરાવેલા વરઘોડા પરણવા લઈ જતી વખતે કાઢવાને મુખત્યાર છે. આ કલમ ફુલેકાની ગરજ સારવા મુકી છે.

ટીકા.

૨૦. કલમ ૧૯ માં ઠરાવ્યા પ્રમાણે કોઈ ગૃહસ્થ વરઘોડો કહાડશે તો તેમાં વાહાલેઆ થનાર અથવા તેમના વાલી અમુક જાતનું વાહન માગી શકશે નહિ, તેમ તે વા-
હાલેઆની બીસાત અમુક જગ્યાએ રાખવાનો તે દાવો કરી શકશે નહિ. દરેક વાહાલેઆને કયું વાહન આપવું અને તેની બીસાત ક્યાં રાખવી તે બાબતની કુલ મુખ-
ત્યારી વરઘોડો કહાડનાર અને તેના તરફના માણસોની છે. જો કોઈ શખ્સ આથી ઉલટી ચાલી મતાઈ કરેલા માગણી કરશે તો રૂ.૫ અંકે સવાના દંડને પાત્ર થશે.

ટીકા.

આ કલમનો હેતુ ઠઠો બંધ કરવા માટે વાહાલે-
આઓનો હક મુકરર કરવાનો છે.

૨૧. લગ્ન સમારંભમાં શરૂથી આખર સુધી કોઈ પણ વખત બૈરાંઓમાં પેસવા પામશે નહિ. આ ઠરાવથી વિરૂધ ચાલનાર રૂ.૫) અંકે પાંચના દંડને પાત્ર થશે.

ટીકા.

ફુલણું અને જનોઈ પ્રકરણમાં આવી બાબત નીચે આપેલી ટીકા જોવી.

૨૨. ચાંદલા ચપાવણીના રૂ.૧૦) અંકે દસ વરને આપી લઈને ઘેર કન્યાને ત્યાં આપેછે તે ચાલ બંધ કર્યો છે.

ટીકા.

આ વહિવટમાં કંઈજ શાસ્ત્રાધાર નથી.

૨૩. લગ્નની અંદર વાસણ ચોરવાનો હલકો ચાલ તદન નાબુદ કર્યો છે. જો કન્યાના ઘરમાંથી વાસણો ત-

રફથી ખાસણ ચોરાયાનું માલમ પડશે તો ચોરાઓમાં ખાસણ મૂકી આપવા ઉપરાંત ન્યાત રૂ.૧૧) અંકે અગીઆર દંડ થશે.

ટીકા.

આ વહિવટ ન્યાતને કેટલી ખરાબ વર્ગમાં મુકેછે અને તે માફુક કરવા જોઈએ તેટલી સખતી વાપરવી સંભાળવાર છે.

૨૪. લગ્નની અંદર વહેવાઈના આવવામાં, ઘર આગળ કે ઘરમાં કે પછી બીજી કોઈની જગ્યામેં ખરાબ ફટાણાં ગીત ગાશે તો જે પક્ષ તરફથી તે એવી ગીતો ગાવી હશે તે પક્ષ પાસેથી રૂ.૨૫) અંકે પચીસ દંડ લેવામાં આવશે અને કન્યાના ઘરમાં ગાશે તો કન્યાવાળા પાસેથી પણ એટલીજ રકમ દંડ લેવામાં આવશે અને તે ઉપરાંત ગાનાર સ્ત્રીને એક ન્યાત જમવામાંથી નોતરૂં કાપવામાં આવશે તથા રૂ.૧૧) દંડને પણ પાત્ર થશે.

ટીકા.

આ બાબતમાં કાંઈપણ ટીકાની જરૂર નથી. વેશ્યાઓને પણ કંઈ મર્યાદા હોયછે; અને પ્રસિદ્ધપણે આવી નીરલજ રીતે ફટાણાં ગાનારને વેશ્યા સિવાય બીજી ઉપમા આપી શકાતી નથી.

૨૫. વડીસુહારણી વખતે કચરો નાખવાનો ચાલ છે તે તદન માકુફ કર્યોછે. આ ઠરાવથી વિરૂદ્ધ ચાલશે તો કન્યાવાળો રૂ.૫) અંકે પાંચના દંડને પાત્ર થશે.

ટીકા.

આ વહિવટ ગલીચ છે. નાનો વર હોયછે તો તે ગભરાઈને રડી પડેછે અને આ તોફાનથી વખતે વહેવાઈઓ વચ્ચે કચકચ થાયછે. કન્યા સંતાડવા વગેરે હાસ્યવિનોદનું એટલુંબધું ટીખળ છે કે આ એક બાબત માકુફ થવાથી કાંઈ ઉણું રહેવાનું નથી.

૨૬. દહીહાંડીનો નિયમ નીચે પ્રમાણે ઠરાવ્યો છે.

(અ) રૂ.૫) અંકે પાંચની.

(બ) રૂ.૧૦) અંકે દસની.

(ક) રૂ.૨૫) અંકે પચીસની.

ટીકા.

દહીહાંડીની રકમ ઘટાડી છે પણ બાબત અને કડાકામાં તાણ ના પડે તેટલા માટે જોઈતા સુધારા કર્યાછે.

૨૭. ધરણાની માણને માટે એમ ઠરાવવામાં આવે છે કે સવાદસ શેર દહીની બે માણો ભરવી અને માણનું ધરણું ન્યાતમાં વહેંચવાનું માકુફ કર્યું છે તેમજ વર વાળા તરફથી દહી વહેંચવામાં આવેછે તે પણ બંધ કર્યું છે. આ ઠરાવથી ઉલટુ ચાલનાર દસ રૂપીઆના દંડને પાત્ર થશે.

ટીકા.

બારે આણ ત્રાકનો ખર્ચ છે. માણમાંનું ઘ-ઘણુ, ધરણુ કે દહી કોઈપણ પ્રકારે ઉપયોગમાં આવતું

નથી અને વહેંચાયા પછી જેને આપવામાં આવેછે તેને નકામું છે. આ કારણ વહેંચવા જનારાને ઘણી તાકીદ કરવી પડેછે અને ઘણે પ્રસંગે વહેંચવા જવા વહેંચનારીઓ ઉતાવળી કરતાં પારસીએ ઉતરે છે. આવો નકામો ખર્ચ ઘટાડવાથી ન્યાતનેજ ફાયદો છે.

૨૮. દહીહાંડી સાથે મોકલવાનો શીરો, સુંવાળનું વજન નીચે મુજબ મુકરર કરવામાં આવ્યું છે અને તે ન્યાતમાં વહેંચવાનું તદન મોકુફ કર્યુંછે. આથી ઉઘરાવનારે રૂ.૫) અકે પાંચ દંડને પાત્ર થશે.

(અ) પાંચની દહીહાંડીએ સીરો સુંવાળનો શેર ૧॥ સવા.

(બ) દસની દહીહાંડીએ સીરો સુંવાળનો શેર અઢી ૨॥.

(ક) પચાસની દહીહાંડીએ સીરો સુંવાળનો શેર ૫ પાંચ.

ટીકા.

વધારે શેરના સીરો સુંવાળ નકામાં બગડે છે. ન્યાતમાં વહેંચવાથી તેનો ઉપયોગ નથી.

૨૯. લાકડાંરની રકમ નીચે મુજબ ઠરાવી છે.

	વરના.	કન્યાના.
(અ). પાંચની દહીહાંડીએ	રૂ૧૧) અગીઆર.	રૂ ૭) સાત.
(બ). દસની દહીહાંડીએ	..રૂ૨૧) એકવીસ.	.રૂ૧૫) પંદર.
(ક). પચાસની દહીહાંડીએ	રૂ૫૧) એકાવન.	રૂ૩૫)પાંત્રીસ.

ટીકા.

રૂ ૨૫) ની દહીહાંડીએ જે લાકડાંરની રકમ હાલ આપવામાં આવે છે તેજ કાયમ રાખી તથા પરોતાનો વાંધો ચાલી શકતો નથી. રૂ ૧૦) અને રૂ ૫) ની દહીહાંડી હાલમાં નથી પતી અગર જો મીસ્તર હેન્રી બારડેલ સાહેબને સુવિધાએ જુવાબ આપેલા તેમાં એ દહીહાંડીઓ તથા રૂ ૧) અકે એકની પણ દહીહાંડી દાખલ છે, તે માત્ર તાજી કરી છે.

૩૦. દહીહાંડી કેટલાની કરવી તે કન્યાવાળાની મુખત્યારી ઉપર છે તોપણ દહીહાંડી ઉપર પડાવી રકમનો આધાર રહેલો હોવાથી વરવાળાની સંમતી લેવી. આ બાબત વર અને કન્યાવાળાની સંમતીથી જેટલી દહીહાંડી કરવાનું ઠરે તેટલી કરવી.

૩૧. મહડાની ઉતરતી દહીહાંડી ઉપર આખા લગ્નની પાયરીય અને ખર્ચનો આધાર હોવાથી દરેક વર્ગની દહીહાંડી પ્રમાણે નીચે મુજબ ખર્ચ કરવો.

(અ) રૂપીઆ પાંચની દહીહાંડીએ.

(૧) કન્યાવાળાએ.

ક. એક કરતાં વધારે ન્યાત કરવી નહી.

ખ. ટોપ્યાંનાં બેસાડવા નહી, ઓરણાથી વધારે સાડીઓ આપવી નહી તેમ બાબ કે બીજભાઇ

કરવી નહી.

ગ. કોઈપણ જાતની વહેંચણ કરવી નહી.

ઘ. કન્યાને કન્યાદાનમાં રૂ ૫૦) અંકે પચાસથી ઓ-છી નહી એટલી રકમની જણસો તથા કપડાં આપવાં.

ચ. ઓલાઓલા વખત વરને રૂ ૧૦) જોડાના આપવા તથા રૂ૫) અંકે પાંચ પુંછણાના આપવા.

છ. તણીયાપતી વખત કશું વરને કે વરપાળાઓને આપવું નહી.

જ. ખબાઈના દેરાહરી વર પોઉ બેસે ત્યાંથી ઉતારવાના રૂ ૨) અંકે બે આપવા એથી વધારે માંગવા પણ નહી અને આપવા પણ નહી.

ઝ. વરને લગનના જોડાના રૂ ૨૦) અંકે વીસ આપવા તથા બાપડા બૈરાંઓમાં મળી રૂ ૨૦) અંકે વીસ પુછણાના આપવા. એ શીવાય ફક્ત પણ સાલો અને પાંચ સાડીયો (વરના પીતાંબર સિવાય પીતાંબર અને સાસુના તથા ધુવા ફકડા સુધાંત) આપવી. આ ઉપરાંત કાંઈ આપવું પણ નહી અને માંગવું તથા લેવું પણ નહી. નાનેરો, દાદેરો અમર ગણી તેની રકમ આપવા લેવામાં આવે છે, પણ સાલ અને સાડીયો જેમાં પીતાંબરનો સમાસ કર્યો છે, તેમાંથી નાના, દાદા તથા નાની, દાદી હયાત હોય તો તેમને ઓરાડવા.

ટ. વડી મુહરણી વખત વરને જોડાના રૂ ૪) અંકે ચાર તથા પુછણાના રૂ ૨) અંકે બેથી વધારે ઓછું આપવું લેવું નહી.

ઠ. કન્યાદાન વખત વરના હાથમાં દક્ષણાના રૂ ૨) અંકે બેથી વધારે ઓછા મુકવા નહી.

ડ. છંદણી ભરવા બદલ ટીબાના રૂ ૨) અંકે બે તથા બંગાળાના રૂ ૪) અંકે ચારથી વધારે આપવા લેવા નહી.

ઢ. ચહચાંવી વખત ચહચાંવી કરનારને ~~ટીબાના રૂ ૨)~~ અંકે બે તથા તેની વહુને બંગાળાના રૂ ૪) અંકે ચારથી વધારે આપવા તથા તેમણે લેવા નહી.

ણ. કંસારા ભરવા બદલ સઘળા મામાઓને મળી રૂ ૨૦) અંકે વીસ અને આરતી બદલ સઘળી ભુ-વાઓને મળી રૂ ૨૦) અંકે વીસથી વધારે આપવા લેવા નહી. ઓછું આપવું લેવું ખુશીની વાત છે.

ત. કંસારા અને ચોરાની દરેક દક્ષણા રૂ ૦-૪-૦ પા રૂપીયો આપવો.

થ. ચુવાની દાબડીમાં રૂ ૦-૮-૦ અંકે આઠ આના, દા-મણીને છેડે રૂ ૦-૮-૦ અંકે આઠ આના, ડાબલા વખતે રૂ ૦-૮-૦ અંકે આઠઆના તથા પડવે બેઠ

વખતે રૂ.૦-૮-૦ અંકે આઠઆનાના કરતાં વધારે આપવું લેવું નહિ.

ઢ. લગ્નની ખુશાલીમાં ન્યાત સુધારા ફંડ ખાતે દર લગ્ને રૂ.૫) અંકે પાંચ આપવા.

(૨) વરવાળાએ.

ક. એક કરતાં વધારે ન્યાત કરવી નહિ.

ખ. ઠઠેરખાનાં બેસાડવાં નહિ; ચંદરવાથી વધારે માંડવો બાંધવો નહિ તેમ નાચ કે મીજલસ કરવી નહિ.

ગ. કોઇપણ જાતની વહેંચણ કરવી નહિ.

ઘ. કન્યાને રૂ.૭૦૦) અંકે સાતસોનું પહેલું આપવું તથા એક બારે લુગડું અને ચોળાનો ખંડ; એક દામણી અને એક ઘાટડી આપવાં.

ચ. ઓળાઓળાના રૂ.૧૦) અંકે દસ કન્યાને જોડાના આપવા.

છ. ગ્રહશાંતી વખત ગ્રહશાંતી કરનાર પુરૂષને ટીલાના રૂ.૨) બે તથા વહુને ખંગાળાના રૂ.૪) અંકે ચારથી વધારે આપવા લેવા નહિ.

જ. કંસારા ભરવા બદલ સઘળા સામાઓ વચ્ચે રૂ.૨૦) અંકે વીસ તથા આરતી બદલ સઘળી ફુવાઓ વચ્ચે રૂ.૨૦) વીસથી વધારે આપવું લેવું નહિ. ઓછું આપવું લેવું પોતાની ખુશીની વાત છે.

ઝ. કંસાર અને ચોરાની દરેક દક્ષણા રૂ.૦-૪-૦ પાવલીઓ આપવી.

ટ. લગ્નની ખુશાલીમાં ન્યાતસુધારા ફંડ ખાતે દર લગ્ને રૂ. ૫) પાંચ આપવા.

ઠ. બાગડાબણી સઘળી બહેનો વચ્ચે રૂ.૨૦) અંકે વીસથી વધારે આપવા લેવા નહિ. વરઘોડામાં હાહાબેળા કરવા નહિ.

(૩) કેરીઆ વરની દીકરીઓ.

(૧) કન્યાવાળાએ.

ક. બે કરતાં વધારે ન્યાત કરવી નહિ.

ખ. માંડવો બાંધવો પણ ઠઠેરખાનાં બેસાડવાં નહિ અને મીજલસ (નાચ) લગ્નને દિવસે કરાવવી.

ગ. બે દિવસની ધાણી અને સાકર વહેંચવી

ઘ. કન્યાને કન્યાદાનમાં રૂ.૧૦૦) અંકે સોથી ઓછી નહિ એટલી રકમની જણસો તથા કપડાં આપવાં.

ચ. ઓળાઓળા વખત વરને રૂ.૨૦) વીસ જોડાના આપવા તથા રૂ.૧૦) અંકે દસ પુરૂષના આપવા.

છ. તણીછાપતી વખતે કશું પણ વરને કે ઘરવા-
ળાને આપવું નહિ.

જ. ખાજુંના ફેરા ફરી વર પોંકે બેસે ત્યાથી ઉતારવાના રૂ.૪) અંકે ચાર આપવા. એથી વધારે માગવું નહિ અને આપવું પણ નહિ.

ઝ. વરને લગ્નના જોડાના રૂ.૪૦) અંકે ચાળીસ તથા બાજઠા બેરાઓમા મળી પુછીના રૂ.૩૫) અંકે પાંત્રીસ આપવા એ સીવાય ફકત પાંચ સાથે નાના, દાદા અને સસરા સાથે અને આઠ સાડીઓ (પીતાંબર સાસુના કડકા સુધાંત) આપવી આ ઉપરાંત કોઈએ આપવું પણ નહિ અને માગવું પણ નહિ. તેમ લેવું પણ નહિ. નાનારો, દાદારો, અમર ગણી તેની રકમ આપવા લેવામાં આવેછે. પણ સાલ અને કડકા પૈકી દાદા, દાદી અને નાના, નાની હયાત હોય તેમને પહેરાવવા. રોકડ નાનેરો, દાદેરો કહાડી નાખ્યોછે.

ટ. વડીમુકરણી વખત વરને ટીલાના રૂ.૪) યા જોડાના રૂ.૪) અંકે ચાર તથા પુછીના રૂ.૪) અંકે ચાર આપવા વધારે ઓછું આપવું લેવું નહિ.

ઠ. કન્યાદાન વખત વરના હાથમાં રૂ.૪) અંકે ચારથી વધારે ઓછા મુકવા નહિ.

ડ. છેડણી ભરવા બદલ ટીલાના રૂ.૪) અંકે ચાર તથા સાડીના રૂ.૮) અંકે આઠથી વધારે આપવા લેવા નહિ.

ઢ. ચહુશાંતી વખત ગ્રહશાંતી કરનાર પુરૂષને ટીલા-
ના રૂ.૪) અંકે ચાર તથા સ્ત્રીને સાડીના રૂ.૮) અંકે આઠથી વધારે આપવા નહિ તથા તેમણે લેવા નહિ.

ણ. કંગારા ભરવા બદલ સઘળા મામાઓ વચ્ચે રૂ.૪૦) અંકે ચાળીસ તથા આરતી બદલ સઘળી ફુવાઓ વચ્ચે રૂ.૪૦) અંકે ચા-
ળીસથી વધારે આપવું લેવું નહિ. ઓછું આપવું લેવું ખુશીની વાત છે.

ત. કંગારા અને ઘેરાની દરેક દક્ષણા રૂ.૦-૮-૦ અડધો રૂપીઓ આપવી.

થ. ચુવાની દાબડીમાં રૂ.૧) એક, દામણીને છેડે રૂ.૧) એક, ડોબલાં વખત રૂ.૧) એક તથા ચડવે બેસા વખત રૂ.૧) એક કરતાં વધારે આપવું લેવું નહિ.

દ. લગ્નની ખુશાલીમાં ન્યાતસુધારા ફંડ ખાતે દર લગ્ને રૂ.૧૦) દસ આપવા.

(૨) વરવાળાએ.

ક. બે કરતાં વધારે ન્યાત કરવી નહિ.

ખ. માંડવો બાંધવો પણ ટકોરખાનાં બેસારવાં નહિ અને મીજલસ(નાચ) એકદિવસ કરાવવો.

ગ. ઘેર ઘેરની થાળી અને સોપારી વહેંચવી.

ઘ. કન્યાને રૂ.૧૨૦૦)અંકે બારસોનું પલ્લું આપવું તથા બે ભારે લુગડાં, તથા બે ચોળીના ખંડ, એક દામણી અને એક ઘાટડી આપવાં.

ચ. કન્યાને ઓલાઓલાના રૂ.૨૦) અંકે વીસ જોડાના આપવા.

છ. અહથાંવી વખતે અહથાતી કરનાર પુરૂષને ટીલાના રૂ.૪) ચાર તથા વહુને સાડીના રૂ.૮) આઠથી વધારે આપવા લેવા નહિ.

જ. કંગારા ભરવા બદલ સઘળા મામાઓ વચ્ચે રૂ.૪૦) અંકે ચાળીસ તથા આરતી બદલ સઘળી ભુવાઓ વચ્ચે રૂ.૪૦) અંકે ચાળીસથી વધારે આપવું લેવું નહિ ઓછું લેવું એ પોતાની ખુશીની વાત છે.

ઝ. કંગારા અને ઘેરાની દરેક દક્ષણા રૂ.૦-૮-૦ અંકે અડધો રૂપીઓ આપવી.

ટ. લગ્નની ખુશાલીમાં નાતસુધારા ફંડ ખાતે દર લગ્ને રૂ.૧૦) અંકે દસ આપવા.

ઠ. બાગ ઝલામણી સઘળી બહેનો વચ્ચે રૂ.૪૦) અંકે ચાળીસથી વધારે આપવા લેવા નહિ.

ડ. વરઘોડામાં વરના ઘોડા સીવાય શાહાબેલાના દસ બારકસથી વધારે બારકસ અને ત્રણ જોડથી વધારે વાજાં આણવાં નહિ. ઓછા લાવવા પોતાની ખુશીની વાત છે.

(ક) રૂપીઆ પચાસની દહીહાડીએ.

(૧) કન્યાવાળાએ.

ક. ત્રણ કરતાં વધારે ન્યાત કરવી નહિ.

ખ. માંડવો બાંધવો, ટકોરખાનાં બેસાડવાં અને એક દિવસ મીજલસ અને નાચ કરાવવો.

ગ. બબેઘેરની થાળી અને શાકર વહેંચવાં.

ઘ. કન્યાને કન્યાદાનમાં રૂ.૨૫૦) અંકે બસોપચાસથી ઓછી નહિ એટલે જણસો (દાગીના) આપવા.

ચ. ઓલાઓલા વખત વરને રૂ.૫૦) અંકે પચાસ જોડાના આપવા તથા રૂ.૨૦) વીસ પુંછોના આપવા.

છ. તણીઆપતી વખતે વરને કે વરવાળાને કશું આપવું નહિ.

જ. બબર્ઇના ફેરા ફરી વર પોડે બેસે ત્યાંથી ઉતારવાના રૂ.૧૦) અંકે દસ આપવા એથી

વધારે માગવું પણ નહિ અને આપવું પણ નહિ.

ઝ. વરને લગ્નના જોડાના રૂ.૭૫) અંકે પંચોતેર તથા બાયડા બેરાંઓમાં મળી પુછોના રૂ.૭૫) અંકે પંચોતેર આપવા એ સીવાય સાલો દસ (નાનોરા, દાદોરા અને સસરા સાથે) તથા ફડકા સાડીઓ પંદર (નાની, દાદી, સાસુ તથા છુટા ફડકા સુધાંત) આપવી. આ ઉપરાંત કોઇએ આપવું પણ નહિ અને માગવું પણ નહિ તેમ લેવું પણ નહિ. નાનોરો, દાદોરો અમર ગણી તેની રકમ આપવા લેવામાં આવેછે તે માફ કરી એવું ઠરાવ્યુંછે કે દાદા, દાદી, નાના, નાનીને સાલો અને ફડકા ઉપરની સંખ્યામાંથી પ્રત્યક્ષ આપવા.

ટ. વડી મુકરણી વખત વરને જોડાના રૂ.૩૦) અંકે ત્રીસ તથા પુછોના રૂ.૮) અંકે આઠ આપવા.

ઠ. કન્યાદાન વખત વરના હાથમાં રૂ.૧૦) દસથી વધારે ઓછા મુકવા નહિ.

ડ. છંદણી ભરવા બદલ વરને જોડાના રૂ.૮) અંકે આઠ તથા કન્યાને સાડીના રૂ.૧૫) પંદરથી વધારે આપવા લેવા નહિ.

ઢ. ગ્રહશાંતી વખતે ગ્રહશાંતી કરનાર પુરૂષને જોડાના રૂ.૮) અંકે આઠ તથા સાડીના રૂ.૧૫) અંકે પંદરથી વધારે આપવા લેવા નહિ.

ણ. કંગારા ભરવા બદલ સઘળા મામાઓ વચ્ચે રૂ.૧૦૦) અંકે સો તથા આરતી વખત સઘળી બુવાઓ વચ્ચે રૂ.૧૦૦) અંકે સોથી વધારે આપવું લેવું નહિ.

ત. કંગારા અને ઘેરાની દરેક દક્ષણા રૂ.૧) એક આપવી.

થ. સુવાની દાબડીમાં રૂ.૨) બે, દામણીને છેડે રૂ.૨) બે, ઉખલા વખત રૂ.૨) બે તથા પડવે બેઠા વખત રૂ.૨) બે કરતાં વધારે આપવું લેવું નહિ.

દ. લગ્નની ખુશાલીમાં ન્યાત સુધારા ફંડ ખાતે દર લગ્ને રૂ.૨૫) પચીસ આપવા.

(૨) વરવાળાએ.

ક. ત્રણ કરતાં વધારે ન્યાત કરવી નહિ.

ખ. માંડવો બાંધવો, ટકોરખાના બેસાડવા બીજ-લસ અને નાચ કરાવવો.

ગ. બબેઘેરની થાળી અને સોપારી વહેંચવાં.

ઘ. કન્યાને રૂ.૨૦૦૦) અંકે બે હજારનું પલ્લું આપવું તથા ત્રણ ભારે લુગડાં, ત્રણ ચોળીના

પંડે, એક સાપણી અને એક ઘાટડી આપવી.

૪. કન્યાને ઓવાણીઆના રૂ.૫૦) અંકે પચાસ રોકડા આપવા.

૫. આણામાં કન્યાની વહુવારની કસ્બાર પુરૂષને જે ડાબા રૂ.૮) આઠ તથા વહુને સાડીના રૂ.૧૫) થી વધારે આપવા નહિ.

૬. કંકોત્રી લખવા બદલ સઘળા મામાઓ વચ્ચે રૂ.૧૦૦) સો તથા આરતી બદલ સઘળી ફુ- વાઓ વચ્ચે રૂ.૧૦૦) સોથી વધારે આપવું નહિ. આટલું આપવું એવું એ ખુશીની વાતછે.

૭. કુંભારા અને ગોર દરેકની લાગણ રૂ.૧) એક આપવી.

૮. લગ્નની ખુશાલીમાં ન્યાત સુધારા ફંડ ખાતે રૂ.૨૫) અંકે પચીસ આપવા.

૯. ભાગ્યબામણી સઘળી બહેનોની વચ્ચે રૂ.૧૦૦) અંકે સોથી વધારે આપવું લેવું નહિ.

૧૦. વરઘોડો મોટો કહાડવો.

ટીકા.

ઉપર ત્રણ જાતની હશીહાડી અને હશીહાડી પ્રમાણે ખર્ચ મુકરર કરવાની અવશ્ય જરૂર છે. અસલની રીતમાં ને હાલમાં એટલો બધો ફેર પડી ગયોછે અને તેમાં વળી ઘરઘરના ચાલ અને ફુલાસો વધવાથી દરેક પ્રસંગે શું રીત છે તેનો દાખલો જડતો નથી. જ્યારે કોઈને ત્યાં પ્રસ્તુત આવેછે ત્યારે તેને ઘેરેઘેર પુછવા જવું પડેછે અને તેમ છતાં પણ મતાંતર થવાને લીધે ખરી હકીકત મળતી નથી અને લેવાકરી ગોળની જગ્યાએ ગોળ અને ગોળની જગ્યાએ ખોળ વપરાયછે. જેસ ઘણો ખર્ચ થાયછે છતાં વહેવાઈઓ વચ્ચે અણુબનાવ થઈ નકામો કલેશ થાય છે. વરવાળા એટલુંજ સમજે છે કે કન્યાવાળા ગમે એટલું આપે તોપણ રાજી થવુંજ નહિ, અને કન્યાવાળાઓ પાસે કશો પણ લેખી દાખલો નહિ હોવાથી મુંઝવાયછે અને નહિ વકીલ આપી પછી ખરચ થઈ જાયછે ત્યારે પ- સ્તાવાથી કબુલ કરેછે. સઘળી બાબત નક્કી થઈ એટલે વહેવાઈઓ વચ્ચે અણુબનાવ થવાનું કારણ રહ્યું નહિ અને મુકરર કરેલી રકમ પકડાવી દીધી એટલે રકઝક અને કસાકશીમાં વખત જવાને રહ્યો નહિ. મામા, ફુઆ અને બહેન વગેરેના લાગાની રકમ પણ મુકરર કરવાની અવ- શ્ય જરૂર જણાયછે. અગર જો આ લોકોને આપવાની રકમ ઘરમાં રહેવાની છે તોપણ તેમાં થતી બાકુબાકીનો અટકાવ ન્યાત સમસ્ત ઠરાવને સારૂ કરવાની જરૂર છે. દીકરીને આડેહાડે સો રૂપીઆની જણસ આપવાની છુટ છે અને આપવી વાજબીછે, પણ ભાગ્યબામણી એકને રૂ.૧૦૦) આપવા અયોગ્ય છે. એક લગ્નનો ખરચ બીજા લગ્નોમાં આધારરૂપ થઈ પડેછે અને સઘળે પ્રસંગે મોટો ખર્ચ આપવાનું બની શકતું નથી અને ન આપતાં શુભ

દિવસે ઓની જાત આંસુ પાડી દીલગીરી ઉત્પન્ન કરેછે. એકે રૂ.૧૦૦) પોતાની શક્તિ હોવાથી આપ્યા તેનો દાખલો બીજા લેઈ થોડી સંપતવાળા માબાપોને પજવેછે તેથી પ્રસ્તુતસર આવા દાપાની રકમ મુકરરજ હોવી જોઈએ. હાલની નવી ઠરાવેલી દક્ષીહાંડીનો શુમાર એ રાખ્યો છે કે ધામધુમ અને પક્ષા વગેરેને સારૂ તે પચીસની દક્ષીહાંડીને ધોરણે પહોંચે અને દસની, રૂપીઆ પચાસની, પચાસની દક્ષીહાંડી રૂ.૧૦૦)ની જગોએ કરીછે. દક્ષીહાંડીવાર ખરચ મુકરર કરવાનો હેતુ નકામા પૈસા બગડતા અટકાવવાનોછે. હવેથી પચીસની દક્ષીહાંડી ઘણાજ શ્રીમંત વગર બીજા કરવાને વિચાર કરશે પણ દસ અને પાંચની દક્ષીહાંડી હાલ જેમ પચાસ અને પચીસની થાયછે તેમ થશે, અને દરેક રકમનો બરોબર સરવાળો લેવાશે. સમજાશે કે નવા ધોરણમાં હાલના કરતાં બેત્રણીપાંચથી વધારે ખર્ચ કદી થશે નહિ બલકે એથી પણ ઓછો થશે.

૩૨. પ્રસુરત વખતે સગાવાહાલાઓને જે હાથબાત ખવરાવવાનો રીવાજ છે તે સમુળગો બંધ કર્યો છે તેનાથી વિરૂધ ચાલનાર રૂ.૫ ના દંડને પાત્ર થશે.

૩૩. વરકન્યા પરણવા બેસે અને હસ્તમેળાપ થાય એટલે ફડકા અને પુછો આપવી.

ટીકા.

હાલ વરકન્યા પરણી ઉઠયા પછી ફડકા આપવાનો વહિવટ હોવાથી નકામો ઘણો વખત જાયછે અને વરકન્યા વિદાય કરવામાં ઢીલ થાયછે. વળી સઘળું સાજન વેરાયા પછી ફડકા આપવાને લીધે માંડવે શોભા મળતી નથી માટે વર કન્યા પરણી ઉઠયા પછી તરત વાર ન લગાડતાં આપવું તે સીવાય વરકન્યા વીદાય થાય નહિ.

૩૪. પક્ષાની જણસોની બાબતમાં એવું ઠરાવ્યુંછે કે જણસો ચઢાવવામાં આવે ત્યારથી ૮ દીવસમાં વર અને કન્યા તરફનો એકેક માણસ એ જણસો પંચના મંત્રી પાસે લેઈ જાય અને મંત્રીએ દરેક જણસનું વજન અને સોનાનો ભાવ આંકાવી તેની નોંધ પંચના દફતરમાં રાખવી અને તેજ વખત કન્યાના સોનાના રૂપીયા આવ્યા હોય તેનો પણ દાખલો લખી રાખવો.

ટીકા.

અગર જો બધા દાખલાઓ પ્રસિદ્ધીમાં નથી આવ્યા તોપણ વર અથવા વહુનો કાળ થવાથી પક્ષાની જણસો વિશે વહેવાઈઓ વચ્ચે બેબનાવ થઈ ટંટા ઘણે ઠેકાણે થએલાછે. પક્ષાની જણસ ઉપર વહુનો અને વખતે વરવહુ બંનેનો આધાર રહેલો છે અને તે બંને સ્વભાવીક રીતે નાની ઉમરનાં હોવાથી તેમનાં માબાપના સ્વાધીનમાં પડ્યું હોયછે, તકરારની વખત બંનેમાંથી કોઈપણ પક્ષકારને ગેરઈનસાફ ના મળે અને પક્ષાની રકમ અને જણસો માટે સ્વતંત્ર ભરોંસાલાયક પુરાવો મળી આવવા માટે આ કલમ દાખલ કરીછે.

૩૫. કોઈ વર તથા કન્યાવાળાની ખુશી પલ્લામાં જામીનગીરી આપવાને બદલે કન્યા મોટી થાય ત્યાંસુધી બંને પક્ષકારોની મરજીથી પલ્લાની રકમ વ્યાજે મુકવાની હોય તો તેમ કરવાને છુટ છે.

ટીકા.

કન્યા નાની હોવાથી ત્રણ ચાર વરસમાં તેને સારૂ કરાવેલા હાથ અને પગના દાગીના નાના પડવાથી ઘડાઇની રકમ વ્યર્થ જાયછે અને પુખ્ત ઉમરની થતાં સુધી ઘણું કરી માબાપને ત્યાંનું ઘરાણું પહેરવાનું હોયછે. આવા પ્રસંગમાં કોઇ વરવાળાની ખુશી રૂપીયા વ્યાજે મુકવાની હોય તો તે સારી વાત છે કેમકે વ્યાજની રકમ વધવાથી કન્યા મોટી થએ તે વધારે રકમ બનાવી શકશે.

૩૬. કન્યાના જે સોનાના રૂપીયા આવે તે કન્યાના વાલીને આપવા અને તે તેણે કન્યા ઘરેબારે રહેતી થાય તેટલી મુદત સુધી કન્યાને નામે વ્યાજે મુકવા અને કેટલા રૂપીયા અને ક્યાં વ્યાજે મુક્યાછે તે દાખલો મંત્રી પાસે પંચના દફતરમાં લખાવવો.

ટીકા.

આ કલમ પણ વર અને વહુના હિતાર્થે ઘડવામાં આવી છે.

૩૭. ચાંદ, વાસીદો, સંથારો, લીલાવડ, સોહલા-સાતમ વગેરે પુજના બદલ વરને ટીલાકે કન્યાને ઘાટડી આપવાં નહિ. વાસીદો પુજવાનો વરના તરફનો રૂ.૧) વરના ગોરને આપવો, અને બીજાં વૃતોમાં તો માત્ર બબે પૈસાજ પુજાના મુકવા.

૩૮. જમાઇને દસાંધીઓ જમવા બદલ નીચે મુજબ આપવું—

		પાંચની દહીહાંડીએ.	દસની દહીહાંડીએ.	પચીસની દહીહાંડીએ.
૧	વરને.	રૂ૧) એક.	રૂ.૨) બે.	રૂ.૪) ચાર.
૨	માણસને.	રૂ૦॥ અડધો.	રૂ.૧) એક.	રૂ.૨) બે.

અને પરગામનોને ગામનોજ હોય તો પાંચની દહીહાંડીએ ત્રણ દીવસ, દસનીએ પાંચ અને પચીસનીએ દસ દિવસ જમાડવો.

૩૯. વડી પાપડના પૈસા વહેંચવા નહિ.

૪૦. કોઇએ પણ દસ વરસ પુરાં થયા વગર અને અગીઆરમું બેઠા પહેલાં છોકરીને પરણાવવી નહિ. તે ઉમર પછી જ્યારે ત્યારે પોતાની અનુકુળતા પ્રમાણે પરણાવે. આ ઠરાવથી વિરૂદ્ધ ચાલનાર રૂ.૧૦૧) અંકે એકસો એક્કના દંડને પાત્ર થશે.

હાલ સઘળાઓ સમજ્યા છે અને તેથી દસ વરસ પહેલાં તો ક્વચીતજ પરણાવવામાં આવે છે. તેથી આ ઠરાવથી કોઇ વિશેષ ફારફેર કર્યો નથી. માત્ર છોકરીઓના હીતની ખાતર પ્રતિબંધ એકડાની રૂએ કર્યો છે.

— ❦ —

પ્રકરણ ૫ મું. શ્રીમંત (અઘરણી)

પ્રસ્તુત.

૪૧. દરેક કુળની દેવીને લગતી ક્રિયા શિવાય ગાદીએ બેસાડવાનું, ગીત ગાવાનું, ખાસાગુ અને પૈસા વહેંચવાનો વહિવટ તદન બંધ કર્યો છે. પણ ન્યાતના ફંડમાં ખુશાલી બદલ રૂ.૧૫) આપવા.

૪૨. અઘરણીમાં ન્યાત કિંવા કુટુંબ કાંઇપણ જમાડવું નહિ.

૪૩. ઉપરની બે કલમોથી વિરૂદ્ધ ચાલનારને દરેક વાંક માટે રૂ.૧૦૧) અંકે એકસોએક દંડને પાત્ર થશે.

ટીકા.

અઘરણીનો ચાલ ગમે તે કારણસર દાખલ થયો હોય તોપણ હવેના જમાનાને તે છાજતો નથી. એ રવાજો લજ્યાસ્પદ છે અને શાસ્ત્રનો કાંઇ અર્થ નથી. માત્ર એટલુંજ એના લાભમાં કહેવામાં આવેછે કે પ્રથમ પ્રસવ સ્ત્રિને મોટી ઘાંટી હોવાથી તેને છેલ્લો લ્હાવો મળેછે. આ દલીલ માલ વગરની છે. પહોચેલ દહાડે ઘરેણાનો મોટો બોજો ઉચકી ન્યાતમાં ફરવાથી અને ઉજાગરા કરવાથી ગર્ભને કોઇ પ્રસંગે નુકસાન લાગેછે. આવા પ્રસંગે તો સ્ત્રિને જેમ બને તેમ ઓછો શ્રમ આપવો જોઇએ. અને તેનું મન શોક, ભય અને ત્રાસથી દૂર રાખી બધો વખત તેણીને આનંદમાં રાખવી જોઇએ. ન્યાત અને ગાદીએ બેસાડવાનું ધાંધલ કહાડી નાંખવાથી ગર્ભિણીને નવીન વસ્ત્રો અને આભુષણો, હલકા બોજાના પહેરાવી તેની ઇચ્છા પ્રમાણે ફરવાહરવા દેવાથી વધારે આનંદ લાગશે. અઘરણીનો ખર્ચ નકામો અને જો તે રકમ બચશે તો તે સગર્ભા સ્ત્રીને તેણીના ધણીને અને તેઓના કુળને બહુજ ઉપયોગી થઇ પડશે અને વિશેષમાં ફજેતીરૂપી ફારસ થતો અટકશે.

—o✻o—

પ્રકરણ ૬ ઠું મોત પ્રસંગ.

૪૫. ઘરડા મોતની વખતે સ્મશાનમાં ખરડી ખાવાનો ચાલ માફક કર્યો છે.

ટીકા.

આ ચાલ શાસ્ત્ર વિરૂદ્ધ છે. ઘરડું તોપણ મોતજ અને ગમે તેવું ઘરડું પણ તે કીમતી અનુભવને લીધે જરૂરનું તેને માટે ખરડી ખાવી એ કેવળ ક્રુરતાછે.

૪૭. હાલમાં માત્ર ઘરડાના મોતની ન્યાતો જમાડવામાં આવેછે. પણ તે બી કહાડી નાંખી ઠરાવ કરવામાં આવેછે કે મોતની, બારમા, તેરમા, છમાસી કે વરસી ત્રિપક્ષી કે માસીસા ઉપર કોઇપણ પ્રસંગે ન્યાત કે કુટુંબ જમાડવું નહિ.

ટીકા.

મોતના સંબંધમાં ખાવું એ નીચમાં નીચ છે. જે પ્રસંગે આંખમાંથી આંસુ વહેછે અને દિલગીરી દે-

થાય છે તેવા પ્રસંગમાં મીષ્ટાન ઉડાવવાં એથી બીજી કેવી કરતા. શાસ્ત્રમાં પણ બ્રાહ્મણ અને પીત્રુ સિવાય બીજા કોઈને જમવાની છુટ આપી નથી.

૪૮. શ્રાધની અંદર વહેવાર કરવામાં આવેછે તે તદન બંધ કર્યોછે. માત્ર મરનારનાં પેટ અને બ્રાહ્મણ સિવાય બીજાઓને જમાડવા નહિ.

૪૯. મુવાની વહેંચણ વહેંચવી નહિ તેને બદલે ખુશી પ્રમાણે રકમ ન્યાતના ફંડ ખાતે આપે.

૫૦. કલમ ૪૫-૪૬-૪૭ અને ૪૮ ના ઠરાવોથી વિરૂધ ચાલનાર દરેક વાંકને માટે રૂ.૫૧) એકાવન દંડને પાત્ર થશે.

૫૧. માતની અંદર શાસ્ત્ર આધારે બ્રહ્મભોજન કરવાને ઉપરના ઠરાવોથી બાધ નથી.

૫૨. છોકરૂં મરી ગયું હોય તો માતને દિવસે, ઘરડું મરી ગયું હોય તો ચોઠી સુધી અને જુવાન મરી ગયું હોય તો નોમીયા સુધી ન્યાતનાં બૈરાંઓએ તથા સગાંઓએ મોહો ઢાંકવા જવું. મોહો ઢાકવાનો વખત બપોરના બેથી સાંજના પાંચ વાગતાં સુધીનો રાખ્યો છે. આ મુદત થઈ એટલે પથરણું તદન ઉપાડી નાખવું. માતના દીવસ શીવાય પછીના દીવસોએ કુટવું નહી.

ટીકા.

નોમીયા પછી દસાથી જેટલું રડવા કુટવામાં આવેછે તે સઘળું શાસ્ત્ર વિરૂધ છે અને મરનાર પ્રાણીને દુઃખ પડે છે. હાલના વહિવટથી વાહાલાઓ મરનારના વેરીનું કામ કરે છે. પ્રાણીને પોહોંચવાને એક વર્ષ લાગે છે. અને તે દરમ્યાન તેના નામથી રડવા કુટવાથી તે પ્રાણીને જમના દુતો લોટ વિગરે ગળીઓ જબરદસ્તીથી ભક્ષણ કરાવે છે. આ શાસ્ત્રોના પ્રસિધ આધારો છે. રડવા કુટવાથી બૈરાંઓની આંખો અને છાતી તથા માથાને નુકશાન લાગે છે. હાવા જંગલી કામના રોકાણથી નાહાનાં છોકરાંઓની સંભાળ થતી નથી અને ઘરનો ધંધો મુકાય છે. વખતે ધણીને વખતસર ખાવાનું કરી આપવાનો પણ વખત મળતો નથી. આ જમાનામાં આ જંગલી ચાલથી ક્ષત્રાંણીયા બીજ અને કુલબીના વર્ગની બીજાઓ ગણે છે. બીજી ન્યાતોમાં પણ ક્ષત્રિ ન્યાત જેટલું રડવા કુટવાનું નથી. આ કામમાં રોકાતો વખત, જો ઈશ્વર ભજનમાં સ્ત્રીઓ રોકે તો તેમના દેહનું આ લોકમાં તથા પરલોકમાં કલ્યાણ થઈ મોક્ષ મળે. છોકરાંઓની સંભાળમાં રોકે તો છોકરાંઓ આસુદા રહે અને કેટલીક કટેવો શિખતાં અટકે. અથવા સારાં પુસ્તક વાંચવામાં કે ઉપયોગી કામમાં રોકે તો તેમનો સંસાર સુખી થાય. હાલમાં તો આ રીતને લીધે, નથી વરજી સુખી; નથી વહુજી સુખી કે નથી બીચારાં છોકરાં.

૫૩. છોકરાં અને ઘરડાના માતમાં પરદેશી કોઈ પણ માણસે, સ્ત્રિ અથવા પુરૂષે, લોકીકે જવું નહી અને

પરદેશમાં કોઇએ જાણવું પણ નહી. માત્ર જુવાન મોતમાં સગા કાકા, મામા, ફુવા, માસા, ભાઇ, બનેવી, સાળા, સસરા, જમાઇ, નાના, દાદા અને બાપ તથા સગી કાકી, મામી, ફોઇ, માસી, બહેન, ભોજાઇ, સાળી, સાસુ, દીકરી, નાની, દાદી અને મા, શીવાય બીજા કોઇએ પણ પરદેશમાં મોતના ભોજાઈ જવું નહી. આ લોકોએ નોકરી પહેલાં જઈને પાછા આવવું અને માત્ર એક રાત રહેવું. પછી બીજીવાર આવવા. વર્ષ દીવસમાં કોઈએ બબ્બ રડવા તથા કુટવાને કામ જવું નહી. મરનાર અથવા રાંડનારના મા અને બાપ કિંવા દાદા દાદી, કે ભાઇ, ભોજાઇ, કે દીકરો વહુ જે કે તેજ ઘરનું અને કુટુંબનું માણસ ગણાય તેવા એક બે માણસને, મરનારના નાહાના છોકરાઓની કે રાંડનારીની સંભાળ રાખવા જુજ દીવસ વધારે રહેવું પડે તો તેને આ ઠરાવોથી બાહાર નથી. એ શીવાય આ કલમના ઠરાવોથી વિરૂધ ચાલનાર રૂપીઆ એકસો એક દંડને પાત્ર થશે.

૫૩. જુવાન મોત હોય અને રાંડનારી પીયરમાં હોય તો તેવા મોતનું તથા દીકરીની સંભળામણીનું બીજાનું ફકત એક દીવસ પીયર વાળાઓ રાખશે અને ન્યાતના બૈરાંઓ માહો ઢંકાવા તથા કુટવા જશે. અને કોઇ માણસ પરગામ નોકરીએ હોવાથી તેનું કિંવા તેની સ્ત્રીનું મોત તે ગામ થાય અને તેના આપબાપ તથા ઘરમાણસો વતનમાં હોય તો તેવે પ્રસંગે વતનમાંજ મોત થયું ગણી માહોકાણ માંડવી.

૫૪. મસાન માંડવાની બાબતમાં પરગામ મોત થયું હોય તો ગમે તેવી હકિકત હોય તોપણ બાયડીઓએ તો એકઠા થવુંજ નહી. માત્ર ૫૩ મી કલમના છેલ્લા ભાગમાં બતાવેલા મોતની બાબતમાં ચોથીને દીવસે ઉઠમણે બાયડીઓએ જવું. એ શીવાય જવું નહી.

૫૫. પરગામથી ૫૨ મી કલમના ઠરાવને અનુસરી લોકો ભોજાઈ આવે તેણે મોતવાળા ઘરની શેરીને નાકેથી રડતાકકળતા અને કુટતા જવું નહી. ઘરમાં પેઠા પછી રડવું કુટવું.

ટીકા.

આ કલમનો હેતુ બહારનું દહેકાણીપણું અટકાવાનોછે.

૫૬. ૫૩ મી કલમમાં ઠરાવ કર્યા શીવાયનું બીજી પ્રકારનું મોત પરદેશમાં થયું હોય તો તેની સંભળામણી કરવી અથવા પાથરણું નાખવું નહી.

ટીકા.

આવા પાથરણાનો ઢોંગ કંટાળા રૂપ છે. અડીના સગાઓને મોત થએથી પેર નવ દીવસ સુધીમાં ભોજાઈ જવાની છુટ આપી છે એટલે આવા પાથરણાંની જરૂર રહી નથી.

૫૭. કલમ ૫૨ થી ૫૬ સુધીના ઠરાવોથી વિરૂધ

ચાલનાર દરેક થોકને માટે રૂ ૧૦૧ એકસો એક દંડને પાત્ર થશે.

૫૮. નાહાના છોકરાંઓના ભાતની પાછળ ઘઉ ગ- ઉલત આપવાનું મંજુર કરવું છે છતાં કોઈ આપશે તો રૂ ૫) અંકે પાંચના દંડને પાત્ર થશે.

૫૯. આંબત ક્રિની ક્રિયા સાસરા અને પીયર બંને ઠેકાણે થાય છે એ વહિવટ શાસ્ત્ર વિરૂધ છે માટે એવું ઠરાવવામાં આવે છે કે મરનારની ક્રિયા ફકત સા- સરામાંજ કરવી. અને સાસરાવાળા કોઈ ન કરે તો ન્યાતે રૂ. ૫૧ દંડ લેવો ને પીયરમાં કરવું અને સાસરાવાળાને ન્યાત બહાર મુકવો. જો પીયરમાં કરવામાં આવે તો ન્યાતે રૂ ૫૧) એકાવન દંડ લેવો અને ન્યાતના કોઈ પણ મા- ણસે તે ક્રિયામાં ભાગ લેવો નહી.

૬૦. પકની અંદર બેઆનાથી ઓછું અને અડધા રૂપીઆથી વધતું મુકવું નહી. આથી વિરૂધ ચાલનાર રૂ ૧૦ દસ દંડને પાત્ર થશે.

૬૧. જે લોકોની શકિત વરસીની દક્ષણા માત્ર ઉ- ત્તમક આપવાની છે તેમણે રૂ ૧૦) અંકે દસ આપવા.

૬૨. સોગ પાળવાની બાબતમાં નીચે મુજબ નીયમ ઠરાવ્યા છે:—

(ક) છોકરાંનો ચાર દીવસ.
(ખ) ધરડાનો તેર દીવસ.
(ગ) જુવાનનો દોહોડ મહીનો.
(ઘ) સારનારે એક વર્ષ.
(ચ) મરનારના અને રાંડનારના સઉથી મોહોટા અને સગા કાકા, મામા, ફુવા, માસા, ભાઈ, કાકી, મામી, ફોઈ, માસી, ભોજાઈ અને બહેન વરસ દાહાડો.
(છ) મરનારનાબાપ, મા, અથવા રાંડનારના દાદા, દાદી અને નાના, નાની આંખ જતા સુધી.
(જ) મરનાર અથવા રાંડનારના બાપ અને મા, દાદા અને દાદી તથા નાના અને નાનીનેજ માત્ર ન્યાત તજવાનો હક છે અને તે પણ પચાસ વર્ષ પુરાં અને તે ઉપરાંત વય થઈ હોય તો; પણ રાંડનાર, બાળ રાંડ હોવાને લીધે પુનર લગ્ન કરે તો તેણીના ઉપર કહેલા સગાંઓએ ન્યાત તજવી નહી.
(ઝ) ન્યાત તજનારાને કોઈપણ જાતની વહેંચણ આ- પવી નહી.

આ ઠરાવથી ઉલટા ચાલનાર રૂ ૨૫) અંકે પ- ચીસ દંડને પાત્ર થશે.

ટીકા.

હાલની સોગ પાળવાની રીત વિચિત્ર છે. ન્યાત પંદર વર્ષના છોકરાં તજે છે. ન્યાત તજવાનો હેતુ કે- વળ વૈરાગ્યની ખાતી અને સંસારનો ત્યાગ છે; પણ

આ હેતુ સમજમાં આવતો નથી. ન્યાત તજનાર દોસ્તદાર ભાઈબંધની જ્યાફતોમાં સેલ ઉડાવે છે; રામજણીઓના નાચ જુવે છે; ગાયન કરે છે અને જેના માતની પાછળ ન્યાત તજે છે. કેટલાક ન્યાત તજનારા વીશે જાણવામાં આવ્યું છે કે સદાની ન્યાત તજેલી હોવાથી ન્યાત હોય છે ત્યારે અફસોસ કરે છે, ને છેવટ ન્યાતમાં જે જમણ થયું હોય છે તે સુકુપાકુ પણ બનવા લાયક હોય તે ઘેર બનાવી ખાય છે. આવા દાખલાઓ મરનાર અને રાંડનારની માઓના સંબંધમાં એક નહી પણ કેટલાક છે. વાહા ! શું મઝેનો શોક. આવી બાબતોનો જ્યારે ત્યાગ થઈ શકતો નથી અને મનતો દુનિયાની મઝામાં પરોવાયલુંજ છે તો ન્યાત તજવાનો ઢોંગ શીદ્યા છે અને મારીને મુસલમાન કરવા જેવો છે. આ ચાલ કોઈપણ ન્યાતમાં નથી. આ ન્યાતમાં હોવાથી ન્યાતમાં જમનારાની સંખ્યા રહી નથી અને જો એ ચાલ ચાલુ રહેશે તો થોડી મુદત પછી આટલા પણ જમવા આવનાર નથી.

૬૩. રાંડનારીનું ચોળકર્મ નોમીયાની પાછલી રાત્રે કરવામાં આવેછે તેને બદલે ચુડીકર્મ વખતેજ કરવાનો ઠરાવ કર્યો છે.

ટીકા.

નાગરોની અને બ્રાહ્મણોની ઘણી ન્યાતોમાં ચોળકર્મ ચુડીકર્મનીજ સાથે થાયછે અને તે રીત શાસ્ત્ર આધારે હોવાથી હાલની રીત ફેરવવાની જરૂર છે.

—o※o—

પ્રકરણ ૭ મું કેળવણી.

૬૪. દરેક માબાપે છોકરી અને છોકરાને કેળવણી આપવી અને વિદ્યાભ્યાસ કરાવવો.

ટીકા.

જેટલી છોકરાને કેળવણી આપવાની અગત્ય છે તેટલીજ અગત્ય છોકરીને પણ કેળવણી આપવાની છે. છોકરાને રળવા જવું છે અને છોકરીને તેમ કરવાનું નથી એ ખરૂં છે પણ ઘરસંસાર છોકરીને ચલાવવાનો છે અને તેમાં કેળવણી વગર ફતેહ મળવી નથી. હાલ એવાં ઘણાં ઘર છે કે જ્યાં પ્રભુએ દોલતની મહેર કરીછે પણ મુખ્ય માણસનો મોટીઆએ કાળ થવાથી અને છોકરાંઓ નાનાં હોવાને લીધે મીલકતની વ્યવસ્થા ઘરનાં બૈરાંઓને માથે પડીછે. જો તેઓ સારી કેળવણી પામેલાં હોય તો મીલકતની વ્યવસ્થા ઉત્તમ પ્રકારની થઈ દોલતમાં વધારો થાય. વળી કઢંગા દુઃખદાઈ અને નુકસાનકારક ચાલ સુધારવામાં સ્ત્રીઓ તરફથી જે વાંધાઓ ઉઠાવવામાં આવેછે તેમ ના થતાં ઉલટી પુરૂષોને મદદ મળત. સાધારણ રસોઈ, રડવાકુટવાનું જંગલીપણું અને કુથલી સિવાય બીજી કશી સ્ત્રીઓને માહીતી નથી.

દરેક સ્ત્રી પુરૂષનું વિનયપુર્વક તેમના પોતાનાજ ઘર તરફ ધ્યાન ખેંચી તેમને પુછો કે તેમના ઘરમાં ઉત્તમ પ્રકારની સ્વચ્છતા છે? કેટલી સ્ત્રિઓ તેમના ધણીના સુખાર્થે ઘર વ્યવસ્થામાં મુખ્યઓથી છે? એવા કેટલા ભાગ્યશાળી પુરૂષો છે કે જેઓ સાંજના ધંધાથી વિરામ લેઇ ઘર આવતાની વાર પત્નિના સ્મિત હાસ્ય આનંદ પામેછે? એવી કેટલી સ્ત્રિઓ છે કે જેઓ પ્રભુકૃપાએ સૌભાગ્ય ભોગવતા છતાં સૌભાગ્યના પાંચ આભુષણ (ચાળી, ચાંલ્લો, કીડીયાસર, કર્ણ અને કંકુણી) સઘળો વખત પોતાના શરીરપર ધારણ કરી રાખેછે? એવી કેટલી સ્ત્રીઓછે કે જે બારીક સાડી અથવા ગવનની અંદર પોતાની મર્યાદા સાચવવા ચણીયો પહેરેછે અને છાતીનો ભાગ લજ્યા સાચવવા ચોળી, કંચુકી કે કબજાથી ઢાંકી રાખેછે? એવી કેટલી સ્ત્રીઓ છે કે જેઓ પોતાનો ખરો ધર્મ સમજેછે? ફલાણી જગ્યાએ દાળનો છાંટો પડયો અને અમુક જગ્યાએ ભાતનો દાણો પડયો માટે ત્યાં એંઠવાડ પડયો તેથી અબોટ કેમ નાખ્યો અને છ મહીના ઉપર ધોએલો પણ રેશમી મુકટો પહેર્યા વગર ખવાય નહિ એવી બાબતોની કચમાંજ સઘળો ધર્મ સમાઇ મોક્ષનો માર્ગ રહેલો છે એ શિવાય ખરો ધર્મ શું છે તે કેટલીઓ જાણેછે? સદાચરણ શું? પરમેશ્વરનું રહેઠાણ ક્યાં—પાતાળ પૃથ્વિ કે આકાશમાં? પરમેશ્વરને બે નાક અને ચાર આંખ અને પુંછડી છે કે તે સર્વ-વ્યાપક તેજોમય છે તેનું કેટલાને જ્ઞાનછે? સુર્યોદય સાથે સુતા ઉઠી નાહી ધોઇ નિયમિત વખતે કેટલી સ્ત્રીઓ કામે લાગેછે? કેટલીઓ પોતાનાં બાળકોને પીટયા, ટીપ્યા અને ઝીંક્યા વગર ઉછેરે છે વગેરે એવી એવી સેંકડો બાબતો સ્ત્રીઓને શીખવાની છે. પણ તે બાબતો કઇ અને તેની વ્યવસ્થા કેમ કરવી તે વિના કેળવણી સમજાશે નહિ.

સ્ત્રીને તેમજ પુરૂષને ધર્મ સંબંધી જ્ઞાન અને કેળવણી અવશ્ય જરૂરની છે, અને તે જરૂરનીજ કેળવણી ઉપર હાલ વધુ લક્ષ આપવું પડે. પ્રશ્ન પુછવાની જરૂર છે કે બ્રાહ્મણોની જ્ઞાતમાં હાલ કેટલા નિશાળ, સંસ્થા ભણેલ છે? એવી સંખ્યા ઘણી ઓછી કે જેમની ચાલતી કર્મ-કાંડ વખતે બ્રાહ્મણને ભણી જવી પડેછે. હાલમાં તો માત્ર જનોઇ નાખવું અને કાંડ બાંધી કરી અને ગળામાં મુકાવી નાંખી રાખવા કે સઘળો ધર્મ સમાયો. સ્ત્રીઓને ધર્મ સંબંધી કશું જ્ઞાન નથી. જ્ઞાતમાં અમુક પૈસો બાળ લગ્ન, ખાનપાન, ફુલેકા અને આણાપાણી તથા વાડી ઘોડામાં ખરચાય છે. એક શખસ જ્ઞાતમાં ૧૧ વાર કરેછે, તો બીજો ચઉમાસથી ૨૧ અને ત્રીજો ૩૧ વાર વરસની બાળા રંડાપડે અને બત્રીસ વરસની બે-ત્રીજી તથા બાસઠ વરસની ડોસીઓ તેના ધણી બન્યા વાદ થાય માટેછે. આવા ખરચથી કેટલાક કરજદાર થયા છે. ધાર્મિક અને આવશ્ય નહિ થાય તો વળી, આવા અ-

નીતીના બર્થ અને નકામા ખરચમાંથી બચાઓ કરી કોઇએ પણ ધર્મસંબંધી કથાવાર્તા કરાવી. ત્રીસ વરસની તરૂણીઓ તો કથા શું અને ધર્મ શું તેજ તેમને કાને કે ધ્યાને નથી. જુવાનીયાઓ અંગ્રેજી પાંચમા ધોરણથીજ પરવારી ઉઠે છે અને મેટ્રીક્યુલેશનમાં પાસ થએલા તો મોક્ષ પામેલા માને છે. ખેર! અત્યારસુધીમાં પાસ થએલાઓને હવે આગળ ભણવાનું મોડું થઈ ગયું છે તો પણ કશું વહી ગયું નથી. આપણી ન્યાતમાં "સેલ્ફમેડમેન" છે તેમનોજ દાખલો લઈ મહેનતુ બની જો વકીલની પરિક્ષામાં પાસ થાય તો એ કેટલાંક કુટુંબો તાજાં થાય. નાણાં મેળવવા માટે વકીલનો ધંધો શ્રેષ્ટ છે અને અંગ્રેજી જાણનારા વકીલોની સંખ્યા હજુસુધી કમી હોવાથી તેમને ધંધામાં બહુજ ફાયદો થયા વગર રહે નહિ. જે લોકો મેટ્રીક્યુલેશનમાં પાસ થયા નથી તેઓ સારા અંગ્રેજી ગ્રંથના તરજુમા કરે તો તેઓથી વિદ્યાનો સુધારો અને નાણાંનો લાભ મળે. હાલ તો ઠેકાણે ઠેકાણે "નોવેલ" વાંચવાનો અને તેમાં લખેલાં કલ્પીત શોખો ભોગવવા સિવાય બીજી વાંચના જણાતી નથી. કેળવણી સંબંધી જેટલી લંબાણથી ટીકા કરવામાં આવે તેટલી થઈ શકવા જોગી છે પણ ઉપલી કલમનો હેતુ સમજાવવા આટલું બસ છે. સ્ત્રીઓને કેળવણી આપવાની ખાસ ગોઠવણની જરૂર છે અને તેમને (૧) સારીપેઠે લખતાંવાંચતાં. (૨) મનકબુદ્ધિઆજ ગણતાં. (૩) ચોપડા લખતાં અને તપાસતાં. (૪) સદુપદેશ અને નીતી તથા ભગતીનાં પદ, ગરબા અને ગાયન. (૫) સઘળી જાતની રસોઈ રાંધતાં. (૬) પોતાનાં તથા છોકરાંઓનાં કપડાં વેતરતાં અને શીવતાં. (૭) રેસમનું તથા ઝીકનું ભરતકામ. (૮) છોકરાંઓને ઉછેરવા તથા સામાન્ય રોગોપચારનું જ્ઞાન. (૯) ઘરની, શરીરની તથા બાળકની સ્વચ્છતા રાખવાના નીયમ. (૧૦) કરકસરના સિદ્ધાંતો. (૧૧) વિનય, વિવેક, નીતી, માણસાઈ, સભ્યતા અને મર્યાદા. (૧૨) પતી પ્રત્યે તથા સગા અને મિત્રો પ્રત્યે ખચીત પ્રેમ, મીલનસારપણું અને તેમના તરફ પોતાની ફરજોનું જ્ઞાન એટલું અવશ્ય શીખવું જોઈએ.

૬૫. ન્યાત સુધારા ફંડ ખાતે આવેલી રકમ પુંજીના પ્રમાણમાં નીચેની બાબતોપર ખરચવામાં આવશે.

૧. બ્રહ્મક્ષત્રીના છોકરાઓ નિશાળની અને બીજી પરિક્ષાઓમાં પાસ થાય તે બદલ ઇનામ આપવાં.

૨. બ્રહ્મક્ષત્રીનાં ગરીબ છોકરાંઓને ભણવાનાં સાહીત્યો (ચોપડીઓ) વગેરે લઈ આપવાં.

૩. મુંબાઈ વગેરે ઠેકાણે કોલેજમાં અભ્યાસ કરવા માટે કોઈની શક્તિ ના હોય તો કરજે તે કામ માટે નાણું આપવું. એ નાણાં તેને રોજગાર થએ તેણે પાછાં પંચમાં ભરી દેવાં.

૪. જનોઈ દીધેલા છોકરાઓને સંધ્યા વગેરે નિત્યકર્મ શીખવવાનો વર્ગ સ્થાપવો. આ વર્ગો સુરત, ભરૂચ,

આમોદ ને અમદાવાદ એ મુખ્ય સ્થળોમાં સ્થાપવા.

૫. છોકરીઓને ભણાવવા ખાસ શાળા સ્થાપવી.

૬. છોકરીઓને સારા અભ્યાસ અને કેળવણી માટે ઇનામ આપવાં.

૬૬. અધ્યક્ષત્રીના છોકરા અને છોકરીઓના અભ્યાસ તથા શાળાની હાજરી અને વર્તણૂંક બાબત મંત્રીએ નિશાળોમાંથી પત્રકો મંગાવી તે ઇનામ વખતે રજુ કરવાં.

૬૭. કન્યાઓના ખાસ શિક્ષણને માટે પુસ્તકો રચાવવા અને વ્યવહારીક જ્ઞાન આપવાનાં સાધનો મેળવવાં.

૬૮. દર વરસે ઉપર કહેલાં સુરત ભરૂચ, આમોદ અને અમદાવાદમાં મુકરર કરવામાં આવે તે દિવસે ખાસ સભા ભરી પાસ થએલા છોકરા અને છોકરીઓને ઉત્સાહપૂર્વક ઇનામ આપવાં.

૬૯. સ્ત્રિ અને જુવાન પુરૂષોના ઉપયોગ માટે એક સંસારીક માસીક ચોપાનીઉં પ્રસિદ્ધ કરવું.

પ્રકરણ ૮ મું. ન્યાતી અથવા કૌટુંબીક ભોજન.

૭૦. દરેક ન્યાત જમાડવા બદલ ન્યાતના વાસણ વાપર્યાં હોય ના નહી તોપણ રૂ ૦-૮-૦ અંકે આઠ આના ન્યાત જમાડનારે પંચમાં, મંત્રીને આપવા પડશે. આ રકમ "વાસણ અને સરસામાન" ખાતે જમા કરવી.

ટીકા.

ન્યાતના વાસણને કલાઇ કરાવવા તથા સમરાવવા નાણું જોઇએ તેને માટે આ લાગો ઠરાવ્યો છે.

૭૧. સાત વર્ષની ઉમરની અંદર શીવાયના કોઇએ હારાહારી મહાદેવ બોલાવ્યા સીવાય જમવા માંડવુ નહી અને તાળી પાડ્યા સીવાય ઉઠવું નહી. આ ઠરાવથી વિરૂદ્ધ ચાલનાર દરેક વાંક બદલ રૂ ૦-૧-૦ એક આનાના દંડને પાત્ર થશે. આ દંડ "વાસણ અને સરસામાન" ફંડ ખાતે જમા કરવો.

ટીકા.

જેમ નજરમાં આવે તેમ જમવા માંડવું અને ઉઠી જવું એ માણસાઇ અને વિવેકથી ઉલટું છે. વળી બીજા જમનારાઓને અગવડ કરતા છે.

૭૨. ન્યાતનું પીરસણ શરૂ થતા પહેલાં નીકળવું જોઇએ. જે જણાએ મોડું થશે તેની પાસેથી રૂપીઆ સવા દંડ લેવામાં આવશે અને તે દંડ "વાસણ તથા સરસામાન" ફંડ ખાતે જમા થશે. કન્યાદાનને દીવસે કન્યાવાળાને ત્યાં ન્યાત હશે અને લગન વહેલાં હોવાથી ન્યાત વખતસર જમાડાય એવું નહી હોય તો તેવે પ્રસંગે આ કલમનો અમલ થઇ શકશે નહી. તેવે પ્રસંગે વરને માહ્યરામાં પધરાવ્યા પછી ન્યાત જમાડવી.

૭૩. કોઇપણ ન્યાતમાં ચાર શાક, બે જાતનાં રાયતાં, બે જાતના ભજીયાં (આમાં પકોડા અને મુઠીયાં તથા

પતરવેલીયાનો સમાસ થાય છે) તથા એક જાતના પાપડ અને એક જાતની કાચલીથી વધારે જાતના શાક, અથાણાં, રાયતાં વિગેરે કરવું નહી. જે કોઇ આ ઠરાવથી વિરૂદ્ધ ચાલશે તે રૂ ૫૧) એકાવન દંડને પાત્ર થશે.

ટીકા.

હાલ એક પાંચ શાક કરેછે તો બીજો દસ અને ત્રીજો વીસ આટલી બધી ચીજોનો બગાડ થાય છે અને ન્યાતમાંથી પૈસો ઘટે છે. આવા નકામા ખરચનો અટકાવ કરવાની જરૂર છે.

૭૪. જેટલી ચીજો રાંધી હોય તે બે ત્રણ વખત પીરસવી અને તે થોડી થોડી પીરસવી. કોઇ વધારે ભાણાં છાંડશે તો રૂ ૧) એક દંડને પાત્ર થશે.

૭૫. સોગવાળાઓને તેડવા જવાનો વહિવટ મોકુફ કર્યો છે. સોગની મુદત પુરી થાય કે દરેક ઉપર જમવા આવવાની ફરજ છે. આ ઠરાવથી ઉલટો ચાલનાર રૂ ૫) પાંચ દંડને પાત્ર થશે.

૭૬. ન્યાતની અંદર પરોણા બ્રહ્મક્ષત્રિયો સાથે જમવા બેસે છે, તેમણે તે લોકોના બૈરાંઓ સાથે ઘુંઘટ વગર બેસવું અને તેમનામાં તેમના લોકોએ પીરસી લેવું.

૭૭. બ્રહ્મક્ષત્રિની ન્યાતમાં પીરસનારા બ્રાહ્મણો રાખવા.

ટીકા.

પીરસનારની સાથે જમનારાઓએ પીરસનારાના હાલ જોયલા છે. દેવીનો પ્રતાપ ઘટાડવાનો માત્ર આજ રસ્તો છે કે પીરસનારાની પંગતજ કહાડી નાખવી. આથી વરાવાળાને ત્યાં માણસોને જમવાનો પાર વહેલો આવી તે જલદી પરવારી પણ જશે.

પ્રકરણ ૯મું. ન્યાતી ભંડોળ, મિલકત અને વ્યવસ્થા.

૭૮. આ પ્રકરણમાં તથા આ એકડાના બીજા પ્રકરણોમાં જે અખત્યાર વ્યવસ્થાપિક મંડળીને અથવા બીજી મંડળીને આપવામાં આવેલાછે તે ઉપરાંતના ન્યાત સુધારા, ન્યાત કાયદા વિગેરેના મહત્વ સવાલો બ્રહ્મક્ષત્રિ પંચ ચુકવશે.

૭૯. ૭૮મી કલમમાં બતાવેલા સવાલોનો નિર્ણય કરવા તથા આખા વર્ષમાં ન્યાતનો વહિવટ, સ્થિતિ અને કેળવણી વિગેરેની હકિકત, તથા ન્યાતના ફાયદાની જે નવીન યોજનાઓ ઘડી કાહાડવામાં આવે તે દરવર્ષે ઇસ્ટર અથવા ક્રિસમસની રજામાં અનુકુળતા પ્રમાણે બ્રહ્મક્ષત્રી પંચ આગળ મંત્રિ રજુ કરશે.

૮૦. ઉપરની બે કલમોમાં બ્રહ્મક્ષત્રિ પંચ બતલાવીછે તે પંચનું બંધારણ એમ રાખ્યું છે કે અમદાવાદ, ખંભાત, ભરૂચ અને સુરત દરેક સ્થળની બ્રહ્મક્ષત્રિ પંચે પોતાના

ગામની વસ્તીના જેટલાં ઘર હોય તે દર દશ ઘરે અથવા તેના અપૂર્ણાંકે એક પ્રતિનિધિ ચુંટી કાહાડવો; દાખલા તરીકે આંબાલીમાં ૪૫ ઘર હોય તો પાંચ પ્રતિનિધિ, સુરતમાં ત્રીસ ઘર હોવાથી ત્રણ; ભરૂચમાં ૭૪ હોવાથી આઠ, અને અમદાવાદમાં ૯૦ હોવાથી નવ. આ સઘળા પ્રતિનિધિઓએ પોતા પૈકી એકને અધ્યક્ષ અને એકને મંત્રિ નિમવો.

૮૧. ૮૦મી કલમમાં કહેલી પંચ બાર વર્ષ સુધી અમલ ચલાવશે. બાદ નવીન ચુંટણીથી નવી પંચ નિમાશે. ચુંટણીને માટે એમ ઠરાવવામાં આવે છે કે દરેક ઘરના અગ્રેસર પુરૂષ અને તેની ગેરહાજરીમાં અથવા તેની લેખ પરવાનગીથી તે ઘરનો રેહનારો અને વીસ વર્ષની ઉમર ઉપરાંતનો બીજો કોઇ પુરૂષ પ્રતિનિધિ ચુંટી કાહાડવા મત આપી શકશે. દરેક ઉપર કહેલો માણસ પોતાના ગામમાંથી જેટલા પ્રતિનિધી નીમવાના હશે તેટલી સંખ્યાને માટે મત આપશે. મત પત્ર દરેક ઘરથી લખી આપવા અને પંચના સમક્ષ બંધ પેટીમાં નાખવાં. બધા મત પત્ર આવી રહેથી તુરત પેટી પંચના રૂબરૂ ઉઘાડવી અને જેમને માટે વધારે મત આવ્યા હોય તેમને પ્રતિનિધિ નિમવા. કોઇ બે માણસને સારૂ સરખા મત આવે તો તેમના નામની મહાદેવના સમક્ષ ચીઠી કહાડવી અને તેમાં જેનું નામ આવે તેને નિમવો. પ્રતિનિધિના કામને માટે પચાસ વર્ષ અને તે ઉપરાંતની ઉમરે પુરૂષો લાયક ગણાશે; પણ હિંદુશાસ્ત્ર પ્રમાણે જે છોકરા વારસાથી બાતલ થઇ ગયા છે તેવાઓ પ્રતિનિધિ નીમાવા લાયક નથી. જેઓ અવસ્થાને લીધે કામ કરવાથી રહીત છે તેવાઓને નીમી શકાશે નહી.

૮૨. આ ઉપર બતાવેલી પંચ વર્ષમાં એકવાર નીચે ક્રમ મુજબ મળશે અને દરવર્ષે જુદે જુદે સ્થળે મળશે. જેમ કે એક વર્ષ ભરૂચ તો બીજે સુરત, ત્રીજે આમોદ અને ચોથે અમદાવાદ. આ પ્રતિનિધિઓએ પોતપોતાને ખર્ચે મુસાફરી કરવી.

૮૩. આ ઉપર બતાવેલી પંચ જે સ્થળમાં ભરાય ત્યાંની પંચનો પાછલા બાર વર્ષોનો હિસાબ તપાસશે, કેળવણીના વર્ગોનું મુલાકાત લઇ તપાસ કરશે અને, સામાન્ય ખાતાના સવાલોની તપાસ કરશે.

૮૪. ઉપર કહેલી પંચના ઠરાવો છેવટના છે અને તે ઠરાવો ઉપર અપીલ નથી. આ પંચના ઠરાવો બહુમત પ્રમાણે થશે. પણ જો કોઇ પ્રસંગે કોઇ બાબતસર સરખા મત થાય તો અધ્યક્ષના બે મત ગણી ઠરાવ કરવો.

૮૫. દરેક સ્થળે (અમદાવાદ, આમોદ, ભરૂચ અને સુરત) ત્યાંની પંચ એક કારોબારી મંડળી તે ગામમાં વસતા ભાઇઓમાંથી નિમશે. એ મંડળીના સભાસદો દરવર્ષે કાર્તક શુદ પડવાને દિવસે તે ગામનું આખું પંચ ભેગું થઇ ચુંટી કાહાડશે. ચુંટણીના નીયમો અને સભાસદોની

સંખ્યાની બાબતમાં ૮૧ મી કલમમાં જે નીયમો ઠરાવ્યા છે તે નીયમો આ સભાસદોની ચુંટણીને પણ લાગુ થશે. ચુંટી કાઢાએલા સભાસદો પોતાના પૈકી એકને અધ્યક્ષ અને એકને મંત્રિ નિમશે. આ સભાનું સઘળું કામ વધારે મતથી થશે અને સરખા મત પડે અધ્યક્ષના બે મત ગણાશે.

૮૬. પંચ અને કારોબારી બંને મંડળીના મંત્રિયો લખાણનું કામ કરશે અને ઠરાવ લખશે. ઠરાવની ચોપડીમાં ઠરાવ નીચે અધ્યક્ષ અને હાજર રહેલા સભાસદો તથા મંત્રીની સહી થશે.

૮૭. દરેક સ્થળની કારોબારી મંડળી દર આર્ય માસના પહેલા રવીવારે સાંજના ત્રણ વાગતાં કામ કરવા મળશે પણ કંઇ તાકીદના કામસર મંત્રી તાકીદના આમંત્રણ મોકલે તો તે ખાસ કામ માટે બીજે વખતે મળવાને પ્રતિબંધ નથી.

૮૮. પંચ અથવા મંડળીની સભાઓમાં કોઇ પ્રસંગે અધ્યક્ષથી હાજર ના થવાય તો બીજો અધ્યક્ષ તે પ્રસંગને માટે નીમવો અને કોઇપણ સભાનું કામ બેત્રીઆંશ કરતાં ઓછા સભાસદો હાજર હોય તો ચલાવવું નહી પણ સભાની બેઠક બીજા અનુકુળ દીવસ ઉપર મુલતવી રાખવી. આ મુલતવી સભા વખતે બેત્રીઆંશ કરતા ઓછા સભાસદો હોય તોપણ કામ ચલાવવું.

૮૯. આ આંકડાઓ પ્રમાણે સઘળાઓ બરોબર વર્તે છે કે નહિ તે તપાસવાનું, વિરૂધ્ધ ચાલનારને એકડામાં ઠરાવ્યા પ્રમાણે શાસન કરવાનું. એકડાના ઠરાવ સબંધી ખુલાસા આપવાનું, છોકરા અને છોકરીઓની કેળવણી ઉપર દેખરેખ રાખવાનું, કેળવણી સંબંધી પત્રકો મંગાવવાનું, સીલીક ઉપર નજર રાખી દરેક પરીક્ષાના લગતા ઇનામની રકમ મુકરર કરવાનું, પંચની આવક અને લાગા વસુલ કરવાનું, ઉપજખરચનો હિસાબ રાખવાનું, વાસણ વગેરે પંચની તમાંમ મીલકત સંભાળવાનું તથા તેને સમારવાનું કામ દરેક ગામની કારોબારી મંડળીના મંત્રીના કારોબારી મંડળીની નીરખાની નીચે છે.

૯૦. પંચનો હિસાબ તપાસવા કારોબારી મંડળી તથા વ્યવસ્થાની પંચમાં જે સભાસદો નીમાયા હોય તે શિવાયના ત્રણ આડીટરો દર વરસે તે ગામની ક્ષત્રીપંચ નીમશે અને હિસાબ તપાસણીનો હેવાલ પંચ સમક્ષ દરવરસે કારતક સુદ ૧ ને દિવસે રજુ કરવામાં આવશે.

૯૧. કારતક સુદ ૧ ને દિવસે દરેક સ્થળની પંચ સાંજના ત્રણ વાગતાં મળશે અને આ બાબત આગલે દિવસે ભાટ યા ગોર કે લેખી નોતરા દેઇ જશે. પંચમાં હાજર થએલા સદ્ગ્રહસ્થો તે સભાને માટે અધ્યક્ષ નીમશે અને સભામાં નવી કારોબારી મંડળી નીમાશે અને પાછલા સાલનો હેવાલ અને આડીટરોનો રીપોર્ટ વંચાય તે વિશે ઉચીત ઠરાવ થશે, નવા સાલના આડીટરો પણ આજ

સભામાં નીમાશે, અને સ્થાનીક ન્યાતફાયદાનાં સવાલોની પણ ચરચા થશે.

૬૨. એક વખત નીમાએલા સભાસદોને ફરી નીમવા પ્રતીબંધ નથી.

૬૩. ૨૧ મી કલમ મુજબ મળેલી પંચનું કામ વધુ મતે ચાલશે. સરખા મત પડે અધ્યક્ષના બે મત ગણી ઠરાવ થશે. ઠરાવ ઉપર અધ્યક્ષની અને હાજર રહેલા સભાસદોની સહીઓ થશે અને પાસ થએલા વિદ્યાર્થીઓને ઇનામ આપી સભા વીસરજન કરવામાં આવશે.

૬૪. ન્યાતના દફતરના ચોપડા અને ઠરાવ બુકોના પાનાઓ ઉપર સીક્કો કરી એંકડા નાખવામાં આવશે અને તે એંકડાની નીચે ૬૧મી કલમ મુજબ મળેલા પંચના અધ્યક્ષની સહી થશે. દર વરસે દફતર નવું બંધાશે. સિક્કો કારોબારી મંડળીના અધ્યક્ષ પાસે રહેશે અને સિક્કા ઉપર "   ની જ્ઞાતિની પંચ" એ અક્ષરો દેવનગરી લીપીમાં કોતરવામાં આવશે.

૬૫. નવી કારોબારી મંડળી નીમાય તેણે જે જે સિલિક અને સરસામાનનો હવાલો લીધો હોય તેની યાદી અધ્યક્ષ અને સઘળા સભાસદો અને મંત્રીની સહીની તૈયાર કરવી અને તેની એકેકી પ્રત દરેક જુના સભાસદને આપવી અને એક પંચના દફતરે રાખવી.

૬૬. પંચની સીલક, કાર્તક સુદ ૧ને રોજ મળેલી પંચ ઠરાવ કરે ત્યાં પંચને નામે બાંકે મુકવી અને તેમાંથી ઉપાડ કરવા બાબત ઉપાડ કરવાનો કારોબારી મંડળીએ જાહેર ઠરાવ કરવો અને રકમ અધ્યક્ષ અને મંત્રિની સહીથી ઉપાડવી.

૬૭. ન્યાત સમસ્તને લાગુ પડતા ધારાઓ આ એકડામાં શરૂથી આખર સુધીના આવી ગયા છે પણ એ સિવાય દરેક કુટુંબના કુળાચાર અને રૈતીની રીત પ્રથક પ્રથક છે. અસલ અને હાલની રીતમાં તફાવત પડી ગયો છે અને પોતાની રૈતીનો શુમાર છે તેની ઘણાઓને માહીતી હોતી નથી તથા તે પાછા ગોરને પુછે છે અને ગોર લાગો લાગ કરે છે માટે મંત્રિએ દરેક ગોત્રની …ત જ્ઞાતિવાળા પાસેથી દરેક પ્રસંગે રૈતીનો શું કર છે અને ચાલ છે તેનું પુસ્તક તૈયાર કરવું અને તે કારોબારી મંડળીએ છપાવવું. આ પુસ્તક યોગ્ય કિંમતે સઘળી ન્યાતમાં ઘર દીઠ વેચાતી આપવું; તેમજ આ એકડા પણ છપાવી વેચવા કે દરેક માણસ પોતાનીજ પ્રતે મેળા જોઈ વંચી જાય.

૬૮. કારોબારી મંડળીના અધ્યક્ષ, સભાસદ કે મંત્રિને આ એકડાઓનો અમલ કરવામાં અડચણ કરશે અથવા તેને કરવાના હેતુથી તેને ધમકાવશે, ગાળ દેશે કે અપમાન કરશે તો તેવા માણસને કે જેને કારોબારી મંડળી એક વર્ષ સુધી ન્યાત બહાર મુકી શકશે. આ કલમ મુજબ કરેલા ઠરાવ ઉપર તે કુળની પંચ ફેરફાર

અપીલ ચાલશે. પંચ ઠરાવથી નારાજ થએલા ઉપશે પોતાને નામ અને ખર્ચે નોહોતરવી અને પંચબરાઇ રહે કે પંચના સદગૃહસ્થોએ પોતાનો અધ્યક્ષ નીમવો. ઠરાવ વધારે મતે કરવો અને સરખા મત પડે અધ્યક્ષના બે મત ગણવા.

૯૯. કારોબારી મંડળીએ આખી ન્યાતની વંશાવળી તૈયાર કરી છપાવવી અને તેની નકલો વેચવી.

૧૦૦. એકે દીવસે એક કરતા વધારે જાન કે બીજું પ્રસંગ હોવાને લીધે ન્યાત જમાડવા સંબંધી તકરાર ઉભી થાય તો કોણે પહેલી ન્યાત કરવી તે બાબતનો ઠરાવ કારોબારી મંડળીએ કરવો. આ ઠરાવ છેવટનો છે અને તે પ્રમાણે લાગતાવળગતાઓએ અમલ કરવો. ઉપરાંત પરગામથી આવેલાને પ્રથમ સગવડ કરી આપવી.

ટીકા.

આ આખા પ્રકરણનો હેતુ માત્ર એટલોજ છે કે ન્યાતના કામકાજને બંધારણ આપવું. હાલ ન્યાતમાં કોઇ અધ્યક્ષ નથી કે પટેલ નથી તેમ કોઇપણ અમુક ધોરણથી કામ ચાલતું નથી. એક પંદર વર્ષનું છોકરું પણ પંચમાં જાય છે અને સઘળાઓનો એકત્ર વિચાર થાય છતાંપણ બે ચાર તે વાતને તોડી પાડવા માગે તો તેમ કરી શકે છે. એકડા તોડનારને કશું થતું નથી. જ્યાં સુધી અમુક બંધારણ અને એકડાને માન આપવામાં આવતું નથી ત્યાં સુધી કોઇપણ દિવસ આપણી ઉન્નતિ થવાની નથી.

પ્રકરણ ૧૦ મું. પરચુરણ બાબતો.

૧૦૧. શુભ અથવા અશુભ પ્રસંગે પરગામથી આવનાર સગાઓને બીલકુલ ભાડું આપવું નહિ. શુભ પ્રસંગે ભાડાને બદલે કપડાં અથવા બીજો સરપાવ કે વિદાયગીરી આ[illegible] પ્રતિબંધ નથી. આ ઠરાવ વિરૂદ્ધ ચાલી જે કોઇ [illegible] (આપશે અથવા લેશે તો રૂ. ૧૦) અંકે દસ દંડને પા[illegible]શે.

ટીકા.

ભાડું આપવાનો વહિવટ આપનાર અને લેનાર બંનેને તેમજ આખી ન્યાતને નીચું જોવાડનાર છે. એનો અર્થ આવનાર દળદ્રી છે અને તેને ભાડું મળતું નથી એમ ઠરે છે. વળી કોઇક મધ્યમ સ્થિતિવાળાને ઘણા સગા હોય અને તે દૂરથી આવ્યા હોય અને તેમાં વળી રેલવેમાં ઉપલા વર્ગની ગાડીમાં મુસાફરી કરી હોય તો ભાડાની રકમનું ખર્ચ બહુ ભારે થાય છે. સ્નેહી અને સગાઓ સ્નેહ અને સગપણ કાયમ રાખવું હશે તો પોતાને ખર્ચે આવશે. કોઇક ગરીબ સગાઓને ભાડું પોતાની શક્તિ ઉપર થયું હોય તો તેવાને વિદાયગીરી વધારે આપવાથી ખોટ પુરી પડશે.

૧૦૨. શોકના કારણસર કોઈને પહેરામણ લેવાની અડચણ હોય તો તેની પહેરામણ શોક મુકાતા સુધી રાખી મુકવી નહિ.

ટીકા.

શોક મુકાતા સુધી પહેરામણ રાખી મુકવાનો વહિવટ ઘણો મુશ્કેલ ભરેલો છે. કેટલાકને વર્ષોના વર્ષો સુધી પહેરામણ લેવાનો વખત આવતો નથી. કેટલાક પહેરામણ કરનાર પરગામના હોય છે, તો આ લોકો પહેરામણ ક્યાં સુધી ખાલી મુકે. વળી શોગ હોય તે વખતની પહેરામણ ખાળવા સારૂ એમ હોય તો શોગ પાળવાનો કાંઈ અર્થ રહેતો જ નથી.

૧૦૩. જે વાસણની પહેરામણી કરવામાં આવે તેનું એક આંકોલું પંચમાં આપવું. આ આંકોલુંના વાસણ અને સાકર કે સોપારી કે જે કંઈ બીજી વસ્તુ હોય તેની કીમત થાય તે રોકડી પંચમાં, મંત્રિ પાસે "વાસણ અને સદર સામાન"ના ખાતામાં જમા કરાવવી.

ટીકા.

નહાના વાસણ કે આવી બીજ પંચમાં ઉપયોગી નહિ હોવાથી રોકડી કીમત લેવાનું ઠરાવ્યું છે.

૧૦૪. કુટુંબ જમાડનાર કોઈને ન્યાતના વાસણની જરૂર હોય તો આઠઆના રૂપીઓ દર દિવસનો ભાડે આપવાં, પણ તેજ દિવસે કોઈને ત્યાં ન્યાત હશે તો વાસણ આ જમાનો પહેલો હક ન્યાત જમાડનારનો છે.

૧૦૫. સમકરવિ વગેરે એવા કેટલાક નામા ચાલે છે જે લેનારાજ ઉઘાણી નથી. તેવા રાખવા બંધ કર્યાં છે તેથી તેવાં નામાંની પહેરામણ, રકાબા કે સીધાં આપવાં નહિ. આ ઠરાવથી વિરૂદ્ધ ચાલનાર રૂ.૧૦) અંકે દસ દંડને પાત્ર થશે.

ટીકા.

ભરૂચમાં આવાં સાથણ્ણા, ભાડું, પરોત અને ગોર વહેંચી લે છે. પણ જો જોગ નથી તો એમ લેવામાં લાભ રાખવા એ પૈસાને ફેંકી દેવા શિવાય બીજું કાંઈજ નથી.

૧૦૬. આ ઠરાવોમાં સઘળી બાબતો સમાઈ છે અને સર્વ ગૃહસ્થોએ તેમાં ઠરાવ્યા પ્રમાણેજ વર્તવું અને જે બાબત એમાં દાખલ નથી તે કરવાની મનાઈ કરી છે. પણ આગ સંબંધને લીધે કોઈ બાબત રહી ગઈ હોય અને તે રહી ગઈ હશે એમ કોઈને લાગે તો તેની બાબતને માટે તેણે પંચના મંત્રિને લખી મોકલવું. મંત્રી આ લખાણને આધારે કારોબારી સભાનો હુકમ લઈ, લખી મોકલનારને લખી જણાવશે અને કારોબારી સભા ઠરાવ કરે તેટલા દંડને પાત્ર થશે.

ટીકા.

અમુક બાબત ભુલથી રહી ગઈ હશે એવા બહાના આપી એકડા વિરૂધ કે બહાર વર્તન ના કરે તેને સારૂ